# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)

: પ્રકાશક:

# ભોજાણી પ્રકાશન

આશીયાના,

પ્રભુદાસ તળાવ, ભાવનગર.

મો. ૯૮૨૫૩૦૯૯૧૪

કિતાબનું નામ:
જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)
ઉર્દુ કિતાબ:
“રહેબરાને માઅસુમ”માંથી

સરનામું:
ભોજાણી પ્રકાશન
આશીયાના, પ્રભુદાસ તળાવ,
ભાવનગર. મો. ૯૮૨૫૩૦૯૯૧૪
ગુજરાતી અનુવાદ:
સરફરાઝ ભોજાણી
કમ્પોઝિંગ,પ્રિન્ટીંગ:
આલ્ફા કોમ્પ્યુટર્સ,
૯૩૭૪૫૪૩૬૦૧
પ્રથમ આવૃત્તિ:
જાન્યુઆરી ૨૦૧૮

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧ | પ્રસ્તાવના |
| ૨ | જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો ટૂંકમાં પરિચય |
| ૩ | રિસાલતનાં ફૂલ |
| ૪ | જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પોતાના મોહતરમ પિતાની સાથે |
| ૫ | જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના માનનીય માતા |
| ૬ | મદીના તરફ હિજરત |
| ૭ | જનાબે ફાતેમા (સ.અ.) આસમાની શખ્સિયત છે |

| | |
|---|---|
| ૮ | જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની સાથે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની મોહબ્બત |
| ૯ | જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની શાદી |
| ૧૦ | જનાબે ફાતેમા (સ.અ.)ના અખ્લાક અને આપ (સ.અ.)ના જીવનના અમુક હિસ્સાઓ |
| ૧૧ | ઘરના કામકાજ |
| ૧૨ | હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા (સ.અ.)ની મદદ કરે છે |
| ૧૩ | જનાબે ફાતેમા (સ.અ.) પોતાના પતિથી કોઈ માંગણી કરતા |

| | |
|---|---|
| | નથી |
| ૧૪ | ઘરેલું જીવનમાં સુમેળ |
| ૧૫ | સહુથી સાચી ખાતુન |
| ૧૬ | જનાબે ફાતેમા (સ.અ.)ની ઈબાદત |
| ૧૭ | ઈબાદત અને બીજાઓ માટે દુઆ |
| ૧૮ | જનાબે ફાતેમા (સ.અ.)નો પરદો |
| ૧૯ | જનાબે ફાતેમા (સ.અ.) અજાણ્યા લોકોથી દૂર રહેતા |
| ૨૦ | ઘરની નોકરાણી સાથે કામકાજની વહેંચણી |
| ૨૧ | દુનિયાના શણગારથી દૂરી |

| | |
|---|---|
| ૨૨ | શાદીનો પોશાક |
| ૨૩ | તકવા અને ખૌફે ખુદા (ખુદાનો ડર) |
| ૨૪ | ભૂખ અને આસમાની ખાણું |
| ૨૫ | બરકતી હાર |
| ૨૬ | નૂરાની ચાદર |
| ૨૭ | જન્નતી કપડા |
| ૨૮ | ફરિશ્તાઓ જનાબે ફાતેમા (સ.અ.)ની મદદ કરે છે |
| ૨૯ | અહલેબૈત (અ.મુ.સ.)નો ત્યાગ અને સુરએ હલ અતા |
| ૩૦ | જનાબે ફાતેમા (સ.અ.) અને આયએ તત્હીર |
| ૩૧ | હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) |

| | |
|---|---|
| | સાથે મુબાહેલામાં |
| ૩૨ | પિતાની ભૂખ ઉપર દીકરીન રડવું |
| ૩૩ | જનાબે ફાતેમા (સ.અ.)ની ઈઝઝત અને હ. રસુલે ખુદા (સ.અ.વ.) |
| ૩૪ | જનાબે ફાતેમા (સ.અ.)નો ખુત્બો |
| ૩૫ | જનાબે ફાતેમા (સ.અ.)ની શહાદત |

# પ્રસ્તાવના

ખુદાવંદે આલમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની પાક સિરતને અમલનો બહેતરીન નમુનો બનાવી છે.

**"લકદ કાન લકુમ ફી રસુલીલ્લાહે ઉસ્વતુન હસનતુન લેમન કાન યરજુલ્લાહ વલ યવ્મલ આખેર વ ઝકરલ્લાહ કસીરા."**

તરજુમો: "ખરેખર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની પાક સિરત તમારા માટે અમલનો બહેતરીન નમુનો છે. હાઁ, આ તેના માટે કે જે ખુદાની નઝદીકી અને આખેરતમાં કામિયાબી

મેળવનારા છે, અને ખુદાવંદે આલમનો બહુ જ વધારે ઝિક્ર કરે છે."

(સુરએ અહઝાબ / આયત નં. ૨૧)

ઝિયારતે જામેઆમાં છે:

"અય અહલેબૈતે રસુલ! જે તમારાથી દૂર થયો તે ગુમરાહ થઇ ગયો, અને જે તમારાથી જોડાએલો રહયો તે કામિયાબ થઇ ગયો, જેણે તમારી બારગાહમાં પનાહ મેળવી તે ખતરાઓથી સુરક્ષિત થઇ ગયો, અને જેણે આપને સાચા માન્યા તે અઝાબે ઇલાહીથી નજાત પામી ગયો, જેણે આપના દામનને પકડી લીધો તે હિદાયત પામનારો થઇ ગયો, જેણે આપનું અનુસરણ કર્યું તેનું ઠેકાણું

**જન્નત છે અને જેણે આપનો વિરોધ કર્યો તેનું ઠેકાણું જહન્નમ છે."**

સેરાતે મુસ્તકીમ પર સાબિત કદમ રહેવાની ઝમાનત, દરેક સમયના દરેક ખતરાઓથી સુરક્ષિત રહેવા અને આખેરતમાં બહેતરીન અને કામિયાબી અને ઉંચા દરજ્જાઓ મેળવવાનો એકમાત્ર રસ્તો રસુલ અને આલે રસુલ (સ.અ.વ.)ની મઅરેફત અને તેઓનું અનુસરણ છે આના સિવાય જેટલા પણ રસ્તાઓ છે તે બધા ગુમરાહી અને હલાકતના રસ્તાઓ છે.

અહલેબૈતે અત્હાર (અ.સ.)ના નકશે કદમ ઉપર ચાલવા માટે

તેઓની મઅરેફત અને તેઓના નુરાની જીવન વિષે જાણકારી હોવી જરૂરી છે. આ વિષય પર આપણા મહાન આલિમોએ મોઅતબર કિતાબો લખી છે. ખુદાવંદે આલમ પોતાના ગૈબી ખજાનામાંથી તેઓને બહેતરીન અજ્ર (બદલો) અતા કરે અને અહલેબૈત (અ.સ.)ના દરજ્જાઓમાં જગ્યા અતા કરે. (આમીન)

અત્યારે જે કિતાબ આપના મુબારક હાથોમાં છે તે હાલની નસ્લને ધ્યાનમાં રાખીને સીધી અને સરળ ઝબાનમાં લખવામાં આવી છે. દરેક વાતનો હવાલો આપવામાં આવ્યો છે

જેથી વાંચકો તેનાથી ફાયદો ઉપાડી શકે.

આ કિતાબ અત્યાર સુધી અલગ અલગ ઘણી ભાષાઓમાં છપાઈ ચુકી છે અને દરેક ભાષામાં કબુલ કરવામાં આવી છે. ઉર્દુ ઝબાનમાં આ કિતાબની ઘણી આવૃત્તિઓ છપાઈ ચુકી છે. આ કિતાબ અત્યાર સુધી પંદર ભાગોમાં અલગ અલગ છપાએલ હતી અને ખુબ જ વધારે પસંદ કરવામાં આવી હતી.

ખુદાવંદે આલમ હઝરતે હુજ્જત (અ.સ.)ના સદાકામાં આ નાચીઝ કોશિશ અને ખિદમતને કબુલ કરે અને

આખેરતનો સામાન કરાર આપે. (આમીન)

તે તમામ સાહેબો જેણે આ આવૃત્તિ માટે જે કાંઈ પણ તકલીફ ઉપાડી અને ખિદમત આપી ખુદાવંદે આલમ તે સહુને બહેતરીન અજ્ર અતા ફરમાવે. **(આમીન)**.

# જનાબે ફાતેમા ઝહેરા (સલામુલ્લાહે અલય્હા)

| નામ | જનાબે ફાતેમા (સ.અ.) |
|---|---|
| કુન્નિયત | ઉમ્મુલ હસન, ઉમ્મુલ હુસૈન, ઉમ્મુલ મોહસીન, ઉમ્મુલ અઈમ્મા અને ઉમ્મે અબીહા. |
| લકબો | પ્રખ્યાત લકબ ઝહેરા, બતુલ, સિદ્દીકએ કુબરા, મુબારકા, તાહેરા |

| | |
|---|---|
| | અને સૈયદતુન નેસાઈલ આલમીન. |
| પિતાનું નામ | રસુલે ખુદા, પયગમ્બરે ઇસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) |
| માતાનું નામ | જનાબે ખદીજા (હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના પહેલા પત્નિ) અને ઔરતોમાં સહુથી પહેલા ઈમાન લાવનાર બીબી. |

| | |
|---|---|
| વિલાદત | બેઅસતના પાંચમાં વર્ષે મકકામાં થઇ |
| વફાત | હિજરી સન ૫૧૧, રસુલે ખુદા (સ.અ.વ.)ની હિજરતના અઢી મહિના પછી. |
| કબ્ર મુબારક | રાજકીય કારણો અને આપ (સ.અ.)ની વસિય્યતના કારણે રાતના અંધારામાં હઝરત અલી (અ.સ.)ના હાથે |

| | |
|---|---|
| | આપને દફન કરવામાં આવ્યા. અને આજ સુધી આપની કબ્રનું વિશ્વાસપાત્ર સ્થળની ખબર નથી પડી. |
| ઔલાદ | ઈમામ હસને મુજતબા (અ.સ.), ઈમામ હુસૈન (સૈયદુશ્શોહદા અ.સ.), જનાબે ઝયનબ (સ.અ.), જનાબે ઉમ્મે |

| | |
|---|---|
| | કુલસુમ (સ.અ.) અને હઝરત મોહસીન જેઓ આપના પેટમાં જ શહીદ થઇ ગયા હતા. |

*****

# રિસાલતના ફુલ

જુમ્આનો દીવસ, જમાદીઉસ્સાનીની વીસમી તારીખ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની બેઅસતના પાંચમાં વર્ષે આકાશ મકકાના પહાડોની વચ્ચે, ખાનએ કા'બાના છાંયડામાં વહીની મંઝિલમાં તે આંગણામાં કે જયાં પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના હોઠો કુરઆનની આયતોના મોતી વિખેરી રહ્યા હતા તે ઘરમાં જેને જેને વહીના ફરિશ્તા સારી રીતે ઓળખતા હતા અને જયાં વારંવાર આવ જા કરતા હતા, જયાં સવાર સાંજ પયગમ્બરે

ઇસ્લામ (સ.અ.વ.)ની નમાઝનો અવાજ અને રાતના અંધારામાં કુરઆનની તિલાવતનો અવાજ ઝમીનને આસમાન સુધી જવાનો રસ્તો બનાવી રહી હતી, તે ઘર કે જે યતીમોની આશાનું કેન્દ્ર, ફકીરોનું આશ્રયસ્થાન, અસીરોના અમનની જગ્યા, પયગમ્બરે ઇસ્લામ અને જનાબે ખદીજા (સ.અ.)નું ઘર. આ જ પવિત્ર ઘરમાં એક બાળકીનો જન્મ થયો.

પયગમ્બર (સ.અ.વ.)ની દીકરી, રિસાલતનું ફુલ, ઈસ્મત (તહારત)ની આકૃતિ અને બશરીયતનો ખુલાસો, ઝમીન પર ઇલાહી ખિલાફતના ઓહદેદાર (હઝરત અલી અ.સ.)ના

જીવનસાથી આખી દુનિયાની ઔરતોના સરદાર જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) આ દુનિયામાં આવ્યા.

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની વિલાદતથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નું ઘર વધારે મહેરબાની અને મોહબ્બતનું કેન્દ્ર બની ગયું. તે સમયે જયારે કે ચારે તરફથી પયગમ્બર (સ.અ.વ.)ને દુઃખ આપવામાં આવતું હતું, ચારે તરફ વિરોધનો વંટોળ ચાલી રહ્યો હતો જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નું અસ્તિત્વ તેઓના માતા પિતાને સવારની ઠંડી હવાની જેમ આરામ આપી રહ્યું હતું. કેટલી મહાન મરતબાવાળી છે તે દીકરી જે આટલા

મરતબાની માલિક હોય, કાએનાતના સરદાર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને જેનાથી ખુશી મળતી હોય. આં હઝરત (સ.અ.વ.)એ આ રીતે ફરમાવ્યું:

**"ફાતેમા (સ.અ.) મારી રૂહ છે અને હું તેમનાથી જન્નતની ખુશ્બુ સૂંઘુ છું."**

(કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૪, ઓયુને અખ્બારે રેઝા ભાગ ૧, પેજ નં. ૧૧૬)

આ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) માટે કોઈ આશ્ચર્યજનક વાત નથી કેમ કે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ મહાન લોકો અને ઉંચો મરતબો ધરાવનારા સમુહમાંથી એક છે જેઓના વિષે ખુદાવંદે આલમ પોતાની કિતાબમાં ફરમાવે છે:

**"અય રસુલ (સ.અ.વ.)ના અહલેબૈત (ઘરવાળાઓ) અ.મુ.સ.! બેશક ખુદાવંદે આલમે આ ધારી લીધું છે કે તમારાથી દરેક પ્રકારની નજાસતને દૂર રાખશે અને તમોને પાકો પાકીઝા રાખશે."**

(સુરએ અહઝાબ / આયત નં. 33)

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના જીવનનો ખુલાસો છે. આપ (સ.અ.)નું નૂરાની જીવન દરેક રીતે દરેક પ્રકારના માન મરતબાને લાયક છે, આપ (સ.અ.) અલ્લાહની નઝરોમાં દરેક ઔરતોમાં પસંદીદા છે, આપ (સ.અ.)એ પોતાના કિરદારની તહારત થકી ઔરતોના મરતબાને મેઅરાજ અતા કરી છે. જનાબે ફાતેમા

ઝહેરા (સ.અ.)નું એકમાત્ર અસ્તિત્વ એ વાત ઉપર સંપૂર્ણ સાક્ષી આપે છે કે ઔરતો પણ રૂહાનીય્યતના મહાન દરજજાઓ મેળવી શકે છે અને તે મંઝિલો સુધી પહોંચી શકે છે કે જયાં સુધી સાધારણ લોકોનું પહોંચવું અશક્ય બાબત છે.

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પોતાના મોહતરમ પિતાની સાથે

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના પિતા હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) દરેક પ્રકારના ગુણગાન અને વખાણથી બેનિયાઝ છે. ખુદાવંદે આલમે કુરઆને કરીમમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને "ખુલ્કે અઝિમ" (મહાન ખિલ્કત)ના સાહેબ કહ્યા છે. અને તેઓના વિષે કુરઆને કરીમની આ આયત મૌજુદ છે.

**“તે (રસુલ સ.અ.વ.) પોતાની તરફથી કાંઈ નથી કહેતા પણ જે કાંઈ કહે છે તે અલ્લાહની વહી છે.”**

(સુરએ નજમ / આયત નં. ૪)

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ પોતાનું નૂરથી ભરપુર જીવન વહીની કિરણો અને માનવ ઘડવૈયા સમાન પિતાના છાંયડામાં વિતાવી. હજુ આપ (સ.અ.) બે જ વર્ષના હતા કે કુફ્ફારોએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો સામાજીક બાયકોટ કરી દીધો. પોતાના પિતાની સાથે ત્રણ વર્ષ સુધી “શેઅબે અબુતાલિબ” **(શેઅબે અબુતાલિબ મકકાની બહાર એક જગ્યા હતી જયાં પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) પોતાના સગા**

સંબંધીઓની સાથે બાયકોટ પછી કૈદખાના જેવું જીવન પસાર કરી રહ્યા હતા)માં કૈદખાના જેવું જીવન વિતાવે છે. પિતા અને માતા અને બીજા મુસલમાનોની સાથે ભૂખ, તરસ અને બીજી સખ્તીઓ સહન કરે છે.

બેઅસતના દસમાં વર્ષે જયારે રસુલે ખુદા (સ.અ.વ.) માટે બાયકોટની મુદ્દત પૂરી થઇ ગઈ અને “શેઅબે અબુતાલિબ”માંથી છુટકારો મળ્યો તો આપ (સ.અ.)ની માતા કે જેણે દસ વર્ષ સુધી સતત દુઃખ અને ગમ સહન કર્યા અને ખાસ કરીને તે સમયગાળાની મુશ્કેલીઓ સહન કરી હતી કે જયારે કુફ્ફારોએ નાણાંકીય પાબંદીઓ લગાવી દીધી હતી. તે જ

વર્ષે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પોતાની માતાની મોહબ્બતોથી વંચિત થઇ ગયા. આ મુસીબત જો કે ખુબ જ અસહ્ય હતી પણ તેના પછી વધારેમાં વધારે પોતાના પિતાની સાથે રહેવા લાગ્યા અને તેઓએ આપેલ પરવરિશ હેઠળ પોતાનું જીવન ગુજારતા રહ્યા. જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) આઠ વર્ષના હતા કે હિજરત પછી તરત જ પયગમ્બર (સ.અ.વ.)ના કુટુંબની બીજી ઔરતો સાથે અને હઝરત અલી (અ.સ.)ની સાથે મકકાથી મદીના આવી ગયા[૧] અને પોતાના પિતાની સાથે રહેવા લાગ્યા. મદીનાની જાતજાતની મુશ્કેલીઓમાં જનાબે ફાતેમા ઝહેરા

(સ.અ.) પોતાના પિતાની સાથે શામેલ હતા. જંગે ઓહદમાં જયારે મુસલમાનોને મજબુરીમાં પીછેહઠ કરવી પડી અને પહાડોમાં આસરો લેવો પડયો તો જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પરેશાન થઈને મદીનાથી ત્યાં પહોંચ્યા અને હઝરત અલી (અ.સ.)ની સાથે મળીને પયગમ્બર (સ.અ.વ.)ના ઝખ્મો ઉપર મલમ લગાવવા લાગ્યા.(૨)

(૧) (આમાલીએ તુસી ભાગ ૨, પેજ નં. ૮૪,૮૫) (૨) (મનાકીબે શહર આશુબ ભાગ ૨, પેજ નં. ૬૫)

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) ઇસ્લામની સાથે મોટા થયા અને ઇસ્લામ અને કુરઆનનો સાયો આપ

(સ.અ.)ની સાથે હતો. આપ (સ.અ.) વહી અને નબુવ્વતની હવામાં શ્વાસ લેતા હતા અને મોટા થયા. આપ (સ.અ.)નું જીવન હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના જીવન કરતા અલગ ન હતું. આપ (સ.અ.) લગ્ન પછી પણ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઘરથી મળેલા હતા. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) સહુથી વધારે તે જ ઘરે આવતા જતા હતા. રોજ સવારે મસ્જીદે જતા પહેલા જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના ચહેરાની ઝિયારત કરતા હતા. (કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૧૩). પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના ગુલામનું કહેવું છે કે જયારે

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) મુસાફરીમાં જતા તો સહુથી છેલ્લે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને મળતા હતા. (કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૬). પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના જીવનની છેલ્લી ઘડીઓમાં જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના માથા પાસે બેઠા હતા અને રડી રહ્યા હતા અને પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) તેઓને દીલાસો (સાંત્વન, તસલ્લી) આપી રહ્યા હતા કે સહુથી પહેલા તમે મારી પાસે આવશો અને મારી મુલાકાત કરશો.

(આમાલીએ તુસી ભાગ ૨, પેજ નં. ૧૪,૧૫)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના માનનીય માતા

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ પોતાના જીવનના પહેલા પાંચ વર્ષ પોતાની માતા જનાબે ખદીજાની પરવરિશમાં વિતાવ્યા. તે માં કે જે સહુથી પહેલા ઇસ્લામ લાવ્યા હતા, જેમના વિષે પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે ખદીજા આ ઉમ્મતની બહેતરીન ઔરતોમાંથી છે.

(કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૭૧)

જનાબે ખદીજા (સ.અ.)ને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એટલા વધારે પસંદ કરતા હતા કે જયાં સુધી તેઓ જીવતા રહ્યા ત્યાં સુધી પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ બીજા લગ્ન ન કર્યા અને તેઓની વફાત પછી પણ તેઓને સતત યાદ કરતા રહેતા હતા. ત્યાં સુધી કે જનાબે ખદીજા (સ.અ.)ની સહેલીઓને પણ માન આપતા હતા. જયારે પણ કોઈ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને કોઈ ભેંટ આપતું તો કહેતા કે આ ભેંટ ફલાણી ઔરતના ઘરે આપી આઓ કેમ કે તે જનાબે ખદીજા (સ.અ.)ની સહેલી છે.

(સફીનતુલ બેહાર ભાગ ૧, પેજ નં ૩૮)

આયેશાનું બયાન છે કે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) જનાબે ખદીજા (સ.અ.)ને એટલી બધી સારી વાતોથી યાદ કરતા હતા કે મેં એક દીવસ આપ (સ.અ.વ.)નો વિરોધ કર્યો. અય ખુદાના રસુલ (સ.અ.વ.)! ખદીજા એક વૃધ્ધ સ્ત્રી હતા જયારે કે અત્યારે ખુદાએ આપ (સ.અ.વ.)ને તેનાથી બહેતર આપ્યું છે તો પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) નારાઝ થઇ ગયા અને કહ્યું:

“ખુદાની કસમ! ખુદાવંદે આલમે મને તેનાથી બહેતર નથી આપ્યું. ખદીજા મારા ઉપર તે સમયે ઈમાન

લાવ્યા હતા કે જયારે લોકો કુફ્ર કરી રહ્યા હતા, ત્યારે મારી વાતને સ્વિકારી કે જયારે લોકો મને જુઠલાવતા હતા, તેઓએ તે સમયે પોતાની દૌલત મારા હવાલે કરી દીધી જયારે લોકો મને દરેક વસ્તુથી વંચિત રાખતા હતા, ખુદાવંદે આલમે તેઓ થકી મારી નસ્લને આગળ વધારી.

(તઝકેરતુલ ખવાસ પેજ નં. 303 / કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૭૮)

ઇસ્લામના ઈતિહાસની એક મહાન હકીકત છે કે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના રિસાલતના સંદેશાને લોકો સુધી પહોંચાડવામાં જનાબે ખદીજા (સ.અ.)એ ઘણી બધી

કુરબાનીઓ આપી છે અને અમુક આલિમો કહે છે કે ઇસ્લામ અને રિસાલત જનાબે ખદીજાની દૌલત અને હઝરત અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.)ની જંગના કારણે ફેલાણો છે. ખુદાવંદે આલમે આ બંનેને રસુલે ખુદા (સ.અ.વ.)ની મદદ માટે મોકલ્યા છે. હઝરત અલી (અ.સ.)ની જંગ અને જનાબે ખદીજા (સ.અ.)ની દૌલતની બક્ષિસથી ઇસ્લામ ફેલાયો અને ઈસ્લામને સફળતા મળી. તેથી દુનિયાના દરેક ઝમાનામાં મુસલમાનો આ ઈમાનની કિંમતી નેઅમત માટે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પછી આ બંને હસ્તિઓના (મકરૂઝ) કર્ઝદાર છે.

હાં, જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) આવી માતાની યાદગાર અને આવા પિતાની દીકરી છે. બેઅસતના દસમાં વર્ષે જયારે જનાબે ખદીજા (સ.અ.)ની વફાત થઇ ગઈ તો જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) એક ફિદાકાર માતાની મોહબ્બતથી વંચિત થઇ ગયા. આ જ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) હતા જેઓ તે ઘરમાં પોતાની માતાની ખોટ પુરી કરતા હતા.

(બેહાર ૧૬, પેજ નં. ૮ થી ૧૩)

# મદીના તરફ હીજરત

જે વર્ષે જનાબે ખદીજા (સ.અ.)ની વફાત થઇ તે જ વર્ષે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના જાંનિસાર, ફિદાકાર, રક્ષક કાકા જનાબે અબુતાલીબ (અ.સ.)ની પણ વફાત થઇ ગઈ. જનાબે અબુતાલીબ (અ.સ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના હકમાં સહુથી વધારે જાંનિસાર હતા. જનાબે અબુતાલીબ (અ.સ.) કુરૈશના સરદાર હતા અને મકકાના માનનીય માણસ હતા, મકકાવાળાઓ ઉપર તેઓની ખુબ જ અસર હતી. તેઓનું અસ્તિત્વ હઝરત

રસુલે ખુદા (સ.અ.વ.) અને મુસલમાનો માટે પનાહગાહ હતું. જયાં સુધી જનાબે અબુતાલીબ (અ.સ.) જીવતા રહ્યા કુફ્ફારે કુરૈશ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)નો વાળ પણ વાંકો ન કરી શકયા.

(આમાલીએ તુસી ભાગ ૨, પેજ નં. ૯૭)

જનાબે અબુતાલીબ (અ.સ.)એ પોતાના જીવન દરમ્યાન પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની ખિદમત અને સુરક્ષામાં કોઈ કસર રહેવા દીધી ન હતી. કુફ્ફારોના હમલાઓ અને કાવતરાઓથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને સુરક્ષિત રાખવા માટે પોતાના ઈમાનને જાહેર ન કર્યું અને

તકય્યાની હાલતમાં પોતાનું જીવન પસાર કરી દીધું. તેનો ફાયદો એ થયો કે જનાબે અબુતાલીબ (અ.સ.)ના માન, રોબ અને દબદબાના કારણે કુફફારે કુરૈશ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) ઉપર વિજય ન મેળવી શકયા અને પયગમ્બરે ઈસ્લામને કત્લ કરવાના દરેક કાવતરાઓ માટીમાં મળી ગયા. આ જ તકય્યાના કારણે ઇસ્લામના અમુક ફિરકાઓ જનાબે અબુતાલીબ (અ.સ.)ના ઈમાન ઉપર શક કરતા હતા અને તેમના ઈમાન અને કુરબાનીની તરફ ખુબ જ અયોગ્ય વાતોની નિસ્બત આપે છે.

(આ વાત ઉપર પુરતું ધ્યાન આપવાની જરૂરત છે કે જનાબે અબુતાલીબ (અ.સ.)ના વિષે તરહ તરહની ખોટી વાતોને મોઆવિયા અને બની ઉમય્યાના સમયગાળામાં હઝરત અલી (અ.સ.) સાથે દુશ્મનીના કારણે નિસ્બત આપવામાં આવી છે.)

હાં, જનાબે અબુતાલીબ (અ.સ.)ની વફાત પછી પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) માટે મુશ્કેલીઓ ઉભી થઇ ગઈ. કુરૈશનાં કાફિરોના ષડયંત્રોનો સિલસિલો શરૂ થઇ ગયો. દરરોજ એક નવી મુસીબત સામે આવવા લાગી ત્યાં સુધી કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને કત્લ કરવાનું

કાવતરૂ તૈયાર કરવા લાગ્યા. અલગ અલગ કબીલાઓના માણસોને આ વાત ઉપર એકમત કરવામાં આવ્યા કે બધા મળીને એકાએક પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના ઘર ઉપર હુમલો કરી દે અને આપ (સ.અ.વ.)ને કત્લ કરી દે. આવી રીતે પયગમ્બર (સ.અ.વ.)ના કત્લની જવાબદારી કોઈ એક કબીલા ઉપર નહીં આવે પરંતુ દરેક કબીલાઓ તેમાં ભાગીદાર હશે. તેનો ફાયદો એ થશે કે બની હાશિમ અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના કબીલાવાળાઓ દરેક કબીલાઓ સાથે બદલો નહીં લઇ શકે અને છેવટે દીયત (કત્લના બદલામાં નકકી થએલ રકમ) લેવા માટે તૈયાર

થઇ જશે અને આપણે લોકો દીયત આપી દઈશું.

(આમાલીએ તુસી ભાગ ૨, પેજ નં. ૭૯/૮૦)

ખુદાવંદે આલમે કુફ્ફારે કુરૈશના આ કાવતરાથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને આગાહ કરી દીધા. આનાથી પહેલા યસરબ (મદીના)ના અમુક લોકો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને મળી ચુકયા હતા અને ઈમાન લાવી ચુકયા હતા અને આ વાયદો પણ કરી ચુકયા હતા કે જો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મદીના આવી જાય તો અમે જાન, માલ અને માણસો થકી આપ (સ.અ.વ.)ની અને આપ (સ.અ.વ.)ના દીને ઇસ્લામની

મદદ કરીશું. જે રાત્રે કુફ્ફારે કુરૈશ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના કત્લની તૈયારીઓ કરી રહ્યા હતા તે જ રાત્રિના પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ મકકા છોડી દીધું અને રસુલે ખુદા (સ.અ.વ.)ની પથારી ઉપર હઝરત અલી (અ.સ.) સુઈ ગયા. જયારે કુફ્ફારે કુરૈશે હુમલો કર્યો તો પોતાની સામે હઝરત અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.)ને જોયા.

(આમાલીએ તુસી ભાગ ૨, પેજ નં. ૮૩ થી ૮૬)

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) બાર દીવસ પછી મદીનાથી થોડે દૂર “કુબા” નામની જગ્યાએ પહોંચ્યા અને ત્યાં રોકાયા અને હઝરત અલી

(અ.સ.)ના આવવાની રાહ જોવા લાગ્યા. હઝરત અલી (અ.સ.) અમુક દીવસો મકકામાં જ રહ્યા અને પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ જે જવાબદારીઓ લીધેલ હતી તેને પૂરી કરતા રહ્યા. ત્યારબાદ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના ઘરની ઔરતો અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.વ.)ને પોતાની સાથે લઈને મદીના તરફ રવાના થયા.

રસ્તામાં અમુક મુશ્રિકો સાથે જંગ થઇ તે લોકોએ રસ્તો રોકવાની કોશિશ કરી તો હઝરત અલી (અ.સ.)એ પોતાની તલવાર મ્યાનમાંથી કાઢીને એક માણસને વાસીલે જહન્નમ કરી દીધો અને

બાકીના લોકો ભાગી ગયા. અમુક દીવસો પછી હઝરત અલી (અ.સ.) પોતાના કાફેલાની સાથે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની પાસે પહોંચી ગયા અને પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) બધાને સાથે લઈને મદીનામાં દાખલ થયા.

(આમાલીએ તુસી ભાગ ૨, પેજ નં. ૮૪/૮૫)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) આસમાની શખ્સિયત છે

ખાતુને કાએનાત જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની આસમાની શખ્સિયત આપણી અકલોથી ઉચ્ચ અને આપણી તારીફથી બલંદ છે. તે ખાતુન જે માઅસુમા છે જેમની અને જેમના ખાનદાનની મોહબ્બત આપણા ઉપર વાજીબ અને ફરજીયાત છે. તે ખાતુન જેમની ખુશ્નુદી અને નારાઝગી અલ્લાહની ખુશ્નુદી અને નારાઝગી છે. તેઓની માનવીયતથી ભરપુર શખ્સિયત આપણે

ઝમીનવાળાઓની અકલ અને સમજમાં આવી શકે તે કયાં શકય છે?

(આમાલીએ શૈખે સદુક પેજ નં. ૩૯૨ / આમાલીએ શૈખે મુફીદ પેજ નં. ૨૭ થી ૩૮ / કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૧૪ થી ૨૪)

એટલા માટે જ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના ફઝાએલ માઅસુમો (અ.મુ.સ.)ની ઝબાનથી સાંભળવા જોઈએ. આવો ખાતુને જન્નતના અમુક ફઝાએલ અઈમ્મએ માઅસુમીન (અ.મુ.સ.)ની ઝબાનથી સાંભળીએ.

(૧) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

"ખુદાના હુકમથી એક ફરિશ્તો આવ્યો અને મને આ ખુશખબરી આપી કે.....ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) જન્નતના જવાનોના સરદાર છે અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) જન્નતની તમામ ઔરતોની સરદાર છે."

(આમાલીએ શૈખે મુફીદ પેજ નં. ૧૩,
આમાલીએ તુસી ભાગ ૧, પેજ નં. ૮૩)

(૨) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

"દુનિયાની બહેતરીન ઔરતો ચાર છે જનાબે મરિયમ બિન્તે ઇમરાન (હઝરત ઈસા (અ.સ.)ના માતા, જનાબે ખદીજા (સ.અ.),

**જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) અને જનાબે આશિયા (ફિરઔનની પત્નિ).”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૬)

(૩) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“જન્નત ચાર ઔરતોની મુશ્તાક છે જનાબે મરિયમ બિન્તે ઇમરાન, જનાબે આશિયા ફિરઔનની પત્નિ, જનાબે ખદીજા બિન્તે ખોવૈલદ (સ.અ.) (દુનિયા અને આખેરતમાં રસુલે ખુદા (સ.અ.વ.)ના પત્નિ) અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.).”**

(કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૩)

(૪) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“ખુદાવંદે આલમ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની નારાઝગીથી નારાઝ થાય છે અને આપ (સ.અ.)ની ખુશીથી ખુશ થાય છે.”**

(કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૪ / બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૯ થી ૨૬)

(૫) ઈમામ મુસા કાઝિમ (અ.સ.)એ ફરમાવ્યું કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“ખુદાવંદે આલમે ચાર ઔરતોને ચુંટી કાઢયા છે જનાબે મરિયમ, જનાબે આશિયા, જનાબે ખદીજા અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૯ ખેસાલે શૈખે સદુક અ.ર.)

(૬) હઝરત ઈમામ રઝા (અ.સ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી હદીસ નકલ કરે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)મારા અને તેમના પિતા હઝરત અલી (અ.સ.) પછી આ ઝમીન ઉપર સહુથી શ્રેષ્ઠ અને અફઝલ છે અને તેઓ (અ.મુ.સ.)ના માતા જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) ઝમીન ઉપર વસનાર દરેક ઔરતોથી અફઝલ અને શ્રેષ્ઠ છે.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૯ અને ૨૦ / ઓયુને અખ્બારે રેઝા ભાગ ૨, પેજ નં. ૬૨)

(૭) સહીહ બુખારી અને સહીહ મુસ્લિમ (આ બંને કિતાબો અહલે સુન્નતની ભરોસાપાત્ર કિતાબો છે અને તેના લેખકો અહલે સુન્નતના મશહુર અને બુઝુર્ગ આલિમો છે.)માં આ રિવાયત છે કે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) જન્નતની દરેક ઔરતોના સરદાર છે.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૬)

(૮) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને પૂછવામાં આવ્યું કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે:

"જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) જન્નતની ઔરતોના સરદાર છે તો શું તેઓ તે ઝમાનાની ઔરતોના સરદાર હતા?"

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

**"જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પહેલી અને છેલ્લી જન્નતની તમામ ઔરતોના સરદાર છે."**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૬)

(૧૦) પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ને પૂછવામાં આવ્યું અય રસુલે ખુદા (સ.અ.વ.)! શું જનાબે ફાતેમા (સ.અ.) ફકત પોતાના ઝમાનાની ઔરતોના સરદાર છે?

**આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું:**

**“આ તો ઇમરાનની દીકરી મરિયમ માટે છે. મારી દીકરી ફાતેમા પહેલી અને છેલ્લી જન્નતની તમામ ઔરતોના સરદાર છે.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૨૪)

(૧૧) મુફઝઝલનું બયાન છે કે મેં હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને કહ્યું કે મને પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની તે હદીસ (જનાબે ફાતેમા ઝહેરા સ.અ. દુનિયાની ઔરતોના સરદાર છે)ના વિષે બતાવો કે તેનો મતલબ એ છે કે ફકત પોતાના ઝમાનાની ઔરતોના સરદાર છે?

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

**“આ મરિયમ વિષે છે જેઓ પોતાના ઝમાનાની ઔરતોના સરદાર હતા. જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.વ.) પહેલા અને છેલ્લા દરેક ઝમાનાની ઔરતોના સરદાર છે.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૨૪)

(૧૨) હઝરત ઈમામ અલી રઝા (અ.સ.) પોતાના વડવાઓ થકી અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)થી રિવાયત કરે છે કે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“કયામતના દીવસે અર્શે ઇલાહીની નીચે એક અવાજ આપનાર અવાજ આપશે કે અય લોકો! પોતાની આંખોને બંધ કરી લો જેથી જનાબે**

**ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.) પસાર થઇ જાય.”**

(કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૧૩)

(૧૩) અબુ અય્યુબ અન્સારી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત નકલ કરે છે:

**“કયામતના દીવસે અર્શની નીચે એક અવાજ આપનાર અવાજ આપશે કે અય અહલે મહેશર! પોતાના માથાને જુકાવી દો અને પોતાની આંખો બંધ કરી લો જેથી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) સેરાત ઉપરથી પસાર થઇ જાય. જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) એવી હાલતમાં સેરાત**

**ઉપરથી પસાર થશે કે આપની સાથે સિત્તેર હજાર જન્નતી કનીઝો હશે.”**

(કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૧)

(૧૪) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને ફરમાવ્યું:

**“.........ખુદાવંદે આલમે બીજી વખત ઝમીન ઉપર નઝર ફેરવી અને તમારા શૌહરને ચૂંટી કાઢયા અને મારી તરફ વહી કરી કે હું તમારી શાદી તેઓની સાથે કરી દઉં. શું તમે નથી જાણતા કે ખુદાવંદે આલમે તમારી ઈઝઝત અને એહતેરામ માટે તમારી શાદી એવા સાથે નકકી કરી**

છે કે જેઓ સહુથી પહેલા ઇસ્લામ લાવ્યા છે, જેઓનો સબ્ર, સહનશીલતા અને ઇલ્મ બહુ જ વધારે છે.”

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૯૭/૯૮)

(૧૫) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ ફરમાવ્યું:

“.........અગર ખુદાવંદે આલમ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.વ.)ની શાદી અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.)ની સાથે ન કરતે તો દુનિયામાં કોઈ બીજો આપ (સ.અ.)નો શૌહર ન હોતે.”

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૯૭ / આમાલીએ શૈખે તુસી ભાગ ૧, પેજ નં. ૪૬ / કશકુલ

ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૧૩ થી ૧૯ / કાફી ભાગ ૧, પેજ નં. ૪૬૧)

(૧૬) સુફીયાન બીન ઓયેનીયાનું બયાન છે કે હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ આ આયતે કરીમા: **“મરજલ બહરૈને યલ તકેયાન” જારી કર્યા “બે દરિયાઓ જે આપસમાં મળે છે.”ની તફસીરમાં ફરમાવ્યું કે આનાથી મુરાદ હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ) છે અને યખરોજો મિન્હોમલ લુઅલુઉ વલ મરજાન” “અને તે બંને દરિયાઓથી લુઅલુઅ અને મરજાન નીકળે છે.” તેનાથી મુરાદ હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.) છે.**

(સુરએ રહમાન આયત નં. ૧૯ થી ૨૨,
બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૨)

(૧૭) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)થી સવાલ કરવામાં આવ્યો કે જનાબે ફાતેમા (સ.અ.)ને “ઝહેરા” શા માટે કહેવામાં આવે છે. ?”

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

“જયારે આપ (સ.અ) ઈબાદત માટે ઉભા થતા હતા ત્યારે આસમાનવાળાઓ માટે આપ (સ.અ)નું નૂર એવી રીતે રોશની આપતું કે જેવી રીતે ઝમીનવાળાઓ માટે સિતારાઓ ચમકે છે.”

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૨)

(૧૮) રિવાયતમાં છે કે:

"………જનાબે ફાતેમા ઝહેરા (સ.અ) પોતાની નમાઝ અને ઈબાદતમાં મશગુલ હોય અને પોતાના કોઈ સાહેબઝાદા રડવા લાગતા તો ઘોડીયું આપમેળે જુલવા લાગતું જાણે કે કોઈ ફરિશ્તો તેને જુલાવી રહ્યો હોય."

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૪૫/૪૬)

(૧૯) હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે.:

"હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે સલમાનને કોઈ કામથી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના ઘરે મોકલ્યા. જનાબે સલમાન ફરમાવે છે કે મેં દરવાજા ઉપર ઉભા રહીને સલામ કરી. જનાબે

ફાતેમા ઝહેરા (સ.અ.)નો અવાજ સાંભળ્યો કે આપ (સ.અ) કુરઆનની તિલાવત કરી રહ્યા હતા અને ચકકી (ઘંટી) આપમેળે ચાલી રહી હતી.”

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૪૫/૪૬)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની સાથે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની મોહબ્બત

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના જીવનને જે વસ્તુ વધારે નૂરાની બનાવે છે તે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની બેપનાહ મોહબ્બત અને મમતા છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને એટલા ચાહતા હતા કે જેની કોઈ હદ ન હતી. આ મોહબ્બતને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની એક

**ખાસ સિફત સમજવી જોઈએ અગર આ વાતને ધ્યાનમાં રાખવામાં આવે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અલ્લાહની સહુથી વધારે નઝદીક હતા અને સહુથી વધારે અલ્લાહની બારગાહમાં મુકર્રબ હતા અને દરેક કાર્યોમાં હક અને ઇન્સાફ અને અદલ અને ન્યાયનું માપદંડ હતા.**

સુન્નત એટલે કે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના ફરમાનો અને અ'અમાલ બલ્કે કોઈ કાર્ય ઉપર પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)નું મૌન પણ સુન્નતનો દરજ્જો ધરાવે છે. શરીઅતનો મહત્વપૂર્ણ પ્રમાણ અને સ્ત્રોત છે. આપ (સ.અ.વ.)ની સુન્નત

કુરઆન સમાન છે અને તમામ ઉમ્મતો માટે કયામત સુધી અમલી નમૂનો અને ઉસ્વએ હસ્ના છે. કિતાબે ઈલાહીની સમજુતી પ્રમાણે "પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની વાતનો એક શબ્દ પણ પોતાની નફસાની ઈચ્છાઓથી નથી હોતો પરંતુ એક એક શબ્દ અલ્લાહની વહીનો તરજુમો છે. આ વાતોને ધ્યાનમાં રાખતા જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની રૂહાની અઝમતોમાં વધારો થાય છે અને અલ્લાહની અઝમતની અવનવી વાતો સામે આવે છે. જેમ કે અઈમ્મએ

માઅસુમીન (અ.મુ.સ.)એ ફરમાવ્યું છે.

**“જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) માઅસુમીન (અ.મુ.સ.)ની હરોળ અને આસમાની શખ્સિયતોમાં શામિલ છે.”**

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) પોતાના તો પોતાના પરંતુ પારકાઓ સાથે પણ ખુબ જ મોહબ્બત અને મમતાથી વર્તતા હતા. પરંતુ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની સાથે આપની મોહબ્બતનો અંદાઝ જ કંઈક અલગ હતો. ખાસ વાત એ હતી કે સમયે સમયે આ મોહબ્બતને જાહેર પણ કરતા હતા અને લોકોને ભલામણ કરતા રહેતા હતા. આ વાત

પોતે જ આ વાતની દલીલ છે કે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) અને તેઓના ખાનદાનના જીવનથી ઇસ્લામની કિસ્મત જોડાએલી હતી. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો સંબંધ માત્ર બાપ દીકરીનો સંબંધ ન હતો. પરંતુ અલ્લાહના હુકમથી ઉમ્મતની રહેબરી, મુસલમાનોના રોજિંદા મસાએલ અને ઇમામતથી જોડાએલો હતો.

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને કેટલા ચાહતા હતા તેના અમુક નમૂનાઓ રજુ કરવામાં આવે છે.

(૧) "પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)નો રવૈયો એ હતો કે જયારે આપ (સ.અ.વ.) કોઈ મુસાફરીમાં જતા તો સહુથી છેલ્લે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની મુલાકાત કરતા અને જયારે પાછા આવતા તો સહુથી પહેલા જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની મુલાકાત કરતા."

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૯/૪૦)

(૨) હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે.

**"પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) દરરોજ સુતા પહેલા જનાબે ફાતેમા**

**ઝહેરા (સ.અ.)ના ગાલને ચૂમતા હતા અને તેઓના માટે દુઆ કરતા હતા.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૪૨)

(3) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ ફરમાવ્યું કે જયારે આ આયત:

**“જેવી રીતે તમે લોકો આપસમાં એકબીજાને બોલાવો છો પયગમ્બરને એવી રીતે ન બોલાવો”** નાઝિલ થઇ મને એવો વિચાર આવ્યો કે **“બાબાજાન”** કહેવાના બદલે **“યા રસુલલ્લાહ”** કહીને બોલાવું બે ત્રણ વખત મેં આવું કર્યું અને રસુલલ્લાહ

(સ.અ.વ.)એ કંઇ ન કહ્યું અને એક વખત મારી તરફ જોઇને કહ્યું:

“**અય ફાતેમા!** આ આયત તમારી અને તમારી આલ ઔલાદ માટે નથી ઉતરી, તમે મારાથી છો અને હું તમારાથી છું. આ આયત તો કુરૈશના જફાકારો માટે નાઝિલ થઇ છે. તમે મને એવી જ રીતે “**બાબાજાન**” કહ્યા કરો. તેનાથી મારૂં દીલ વધારે ખુશ થાય છે અને ખુદાવંદે આલમને પણ તે વધારે પસંદ છે.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૩ થી ૩૬)

(૪) પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) કહ્યા કરતા હતા:

**“જનાબે ફાતેમા (સ.અ.) મારો ટુકડો છે જેણે તેઓને ખુશ કર્યા તેણે મને ખુશ કર્યો અને જેણે તેઓને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી મારી નઝદીક સહુથી વધારે મોહતરમ અને બુઝુર્ગ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) છે.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૨૯)

(૫) આ પણ કહ્યા કરતા હતા:

**“તેઓ મારા ટુકડા છે, મારૂં દીલ છે, મારી રૂહ છે જેણે તેઓને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે ખુદાને ઈજા પહોંચાડી.”**

(કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૪)

**(૬) આમીર શોએબી, હસન બસરી, સુફીયાન સૂરી, મુજાહીદ ઇબ્ને ઝુબૈર, જાબીર ઇબ્ને અબ્દુલ્લાહ અન્સારી અને ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને ઈમામ જઅફર સાદિક (અ.સ.) પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)થી નકલ કરે છે કે આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું:**

**“ખરેખર ફાતેમા મારો ટુકડો છે જે તેઓને નારાઝ કરશે તેણે મને નારાઝ કર્યો.”**

આજ રિવાયત બુખારીએ નકલ કરેલ છે.

જનાબે જાબીરની રિવાયત આ પ્રમાણે છે.

**“જે કોઈ જનાબે ફાતેમા (સ.અ.)ને ઈજા પહોંચાડશે ખરેખર તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી ખરેખર તેણે ખુદાને ઈજા પહોંચાડી.”**

આવી જ રિવાયત **“સહીહ મુસ્લિમ”** અને એહલે સુન્નતની બીજી મહત્વની કિતાબોમાં મૌજુદ છે.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૯)

(૭) પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) એવી હાલતમાં બહાર આવ્યા કે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના હાથોને પકડેલા હતા અને ફરમાવ્યું:

"જે જનાબે ફાતેમા (સ.અ.)ને ઓળખે છે તેઓ તો ઓળખે છે પણ જેઓ નથી ઓળખતા તેઓ ઓળખી લે. આ મોહમ્મદ (સ.અ.વ.)ની દીકરી છે, મારા શરીરનો ટુકડો છે અને મારી રૂહ છે. તેથી જેણે જનાબે ફાતેમા (સ.અ.)ને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે ખુદાને ઈજા પહોંચાડી."

(કશફુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૪)

(૮) પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

"મારી દીકરી ફાતેમા (સ.અ.) દુનિયાની પહેલી અને છેલ્લી દરેક

ઔરતોના સરદાર છે, તેઓ મારો ટુકડો છે, મારી આંખોનું નૂર છે, મારા શરીરમાં મારી રૂહ છે, તેઓ ઈન્સાની રૂપમાં એક હુર છે. જયારે અલ્લાહની ઈબાદત કરવા માટે ઉભા થાય છે તો તેઓનું નૂર આસમાનવાળાઓ માટે એવી જ રીતે ચમકે છે જેવી રીતે ઝમીનવાળાઓ માટે સિતારાઓ ચમકે છે અને ખુદાવંદે આલમ આસમાનના ફરિશ્તાઓને કહે છે અય મારા ફરિશ્તાઓ! દરેક કનીઝોની સરદાર અને મારી કનીઝ જનાબે ફાતેમા (સ.અ.)ને જુઓ મારી બારગાહમાં ઉભા છે અને મારા ડરથી ધ્રુજી રહ્યા છે, દીલથી મારી ઈબાદત કરે છે તમે સાક્ષી રહેજો કે મેં તેઓનું અનુસરણ

**કરનારાઓને જહન્નમની આગથી અમાનમાં રાખ્યા છે.”**

(આમાલીએ શૈખે સદુક પેજ નં. ૯૯/૧૦૦)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની શાદી

હિજરતના બીજા વર્ષે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની શાદી અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ની સાથે કરાવી આપી. આ સંબંધ તેઓ બંને માટે હૈસિયત મુજબનો હતો. અઈમ્મએ માઅસુમીન (અ.મુ.સ.)એ આ વાતની ચોખવટ કરી છે કે હઝરત અલી (અ.સ.) સિવાય બીજુ કોઈપણ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો શૌહર બનાવને લાયક ન હતું.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૯૨,૯૩,૯૭,૧૦૭)

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ કુરૈશના મોટા મોટા સરદારોના સંદેશાઓને રદ કરી દીધા હતા અને ફરમાવ્યું હતું કે આ સંબંધ ખુદાના હુકમ ઉપર છે. જયારે હઝરત અલી (અ.સ.) શાદીનો પયગામ લઈને આવ્યા તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ એમ કહીને કબુલ કર્યું કે તમારા આવવા પહેલા ફરિશ્તાઓએ મને આ ખબર આપી છે કે ખુદાવંદે આલમે હુકમ આપ્યો છે કે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની શાદી હઝરત અલી (અ.સ.) સાથે કરી દો.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૨૪ થી ૧૨૭)

ત્યારબાદ હઝરત અલી (અ.સ.)ને પુછયું કે આ શાદીના ખર્ચા માટે તમારી પાસે શું છે. હઝરત અલી (અ.સ.)એ કહ્યું કે મારી પાસે એક ઝિરહ, એક ઉંટ અને એક તલવાર સિવાય કશું જ નથી. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ કહ્યું તમારી ઝિરહ વહેંચી દો. આ ઝિરહ ૫૦૦૦ (પાંચ હજાર) દિરહમમાં વહેંચાણી. તે પાંચ હજાર દિરહમથી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) માટે ખુબ જ સાદું અને સાધારણ કરિયાવર ખરીદવામાં આવ્યું અને તેમાંથી જ બીજી બધી વ્યવસ્થા કરવામાં આવી અને મુસલમાનોને ખાણું ખવરાવવામાં આવ્યું. ખુબ ખુશી ખુશી પયગમ્બરે

ઇસ્લામ (સ.અ.વ.)ની બેપનાહ દુઆઓના સાયામાં જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને હઝરત અલી (અ.સ.)ના ઘરે રૂખ્સત કરવામાં આવ્યા.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૨૪ થી ૧૨૭)

આ નૂરાની અને આસમાની શાદીનો દરેક ભાગ અહલેબૈત (અ.મુ.સ.)નું અનુસરણ કરનારાઓ માટે અમલનો બહેતરીન નમુનો છે અને ખાનદાને નબુવ્વત અને ઇમામતની સાથે સાથે ખુદાવંદે આલમનું ધ્યાન કેન્દ્રિત કરવાનું ખાસ કેન્દ્રસ્થાન છે. આની સાથે સાથે શાદીના મસઅલામાં ઇસ્લામનું

સાદગી અને નુરાની શિક્ષણનો તરજુમો છે. આ મહાન વાકેઆના અમુક અંશો રજુ કરીએ છીએ.

જયારે હઝરત અલી (અ.સ.) પ્રસ્તાવ લઈને આવ્યા ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું કે તમારા પહેલા પણ અમુક લોકો જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) સાથે શાદીનો સંદેશ લઈને આવી ચુકયા છે અને આ વાતને લઈને જયારે પણ જનાબે ફાતેમા (સ.અ.) સાથે ચર્ચા કરી તો તેમના ચહેરા ઉપર નારાઝગીના ચિન્હો જોયા તમે અહીં જ ઉભા રહો હું હમણાં પાછો આવું છું.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પાસે ગયા અને હઝરત અલી (અ.સ.)નો પયગામ પહોંચાડયો જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) ચુપ રહ્યા પરંતુ પોતાનું મોઢું પણ ફેરવ્યું નહીં પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) ઉભા થયા અને ફરમાવ્યું **“અલ્લાહો અકબર” જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની ચુપકીદી તેઓના રાજી હોવાની દલીલ છે.**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૯૨, ૧૧૧, ૧૧૨)

**હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની મહેર**

એક ઝિરહ (બખ્તર) હતી જેને વહેંચવામાં આવી હતી. જેની કિંમતથી આ કરિયાવર તૈયાર કરવામાં આવ્યું હતું.

કરિયાવરમાં એક પૈરહન, એક મોટી ચાદર, એક ખાટલો, બકરીના ચામડામાં ખજૂરીની ઝાડની છાલ ભરેલા બે ગાદલા, ચાર તકીયા, એક ઉની પરદો, એક ચટાઈ, એક ગુંણીયુ, એક ચકકી (હાથઘંટી), એક તાંબાનો વાટકો, એક ચામડાનો વાટકો, એક દુધનો પ્યાલો, એક લોટો, લીલા રંગનો એક જગ અને અમુક માટીના વાસણો, એક કાળી ખૈબરી કાલીન અને એક ટુવાલ હતો.

હઝરત અલી (અ.સ.)એ પણ આ શાદી બાબતે ઘરમાં અમુક ચીઝો તૈયાર કરેલ હતી.

નરમ માટીનું ફર્શ તૈયાર કર્યું હતું, બે દીવાલની વચ્ચે કપડા સુકાવવા માટે એક લાકડી, એક બકરીનું ચામડુ, ખજુરીના ઝાડની છાલ ભરેલો તકીયો ખરીદયો હતો.

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના અખ્લાક અને આપ (સ.અ.)ના જીવનના અમુક હિસ્સાઓ

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) અને જનાબે જાબીર ઇબ્ને અબ્દુલ્લાહે અન્સારીથી રિવાયત નકલ કરવામાં આવી છે. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને જોયા કે તેઓએ મોટા અને સાધારણ કપડા પહેરેલા છે અને (પોતાના હાથોથી) ચકકી ચલાવી રહ્યા છે અને આ જ હાલતમાં

પોતાના બાળકને દુધ પણ પીવડાવી રહ્યા છે. આ જોઇને પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની આંખોમાંથી આંસુ નીકળી આવ્યા અને કહેવા લાગ્યા મારી દીકરી આખેરતની મિઠાશ માટે દુનિયાની કડવાશને સહન કરો.

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ ફરમાવ્યું: અય રસુલે ખુદા (સ.અ.વ.)! હું ખુદાની નેઅમતો ઉપર તેનો શુક્ર કરૂં છું.

**"અનકરીબ (નજીકમાં જ) ખુદા તમને એટલું આપશે કે તમે ખુશ થઇ જશો."**

(સુરએ વઝઝોહા / આયત નં. ૫)

# ઘરના કામકાજ

(૧) હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે.

..........હઝરત અલી (અ.સ.) લાકડા અને પાણી લાવતા હતા અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) લોટ પીસતા હતા, રોટીઓ પકાવતા હતા, કપડા વ્યવસ્થિત કરતા હતા અને આપ બધા કરતા વધારે ખુબસુરત અને સુંદર હતા. સલામ થાય તેઓ ઉપર, તેઓના શૌહર ઉપર અને તેઓના ફરઝંદો ઉપર.

(કાફી પેજ નં. ૧૬૫)

**(૨) હઝરત અલી (અ.સ.) ફરમાવે છે.**

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ એટલું પાણી ભર્યું કે મશ્કનું નિશાન પડી ગયું, એટલી ચકકી ચલાવી કે હાથ ઝખ્મી થઇ ગયા, ઘરમાં એટલી ઝાડુ લગાવી કે તેઓના કપડા માટીવાળા થઇ ગયા. ઘરકામ માટે તેઓએ ઘણી તકલીફો વેઠી છે અને ઘણા દુઃખ સહન કર્યા છે.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૫૦ / ૫૧)

# હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની મદદ કરે છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) હઝરત અલી (અ.સ.)ના ઘરે આવ્યા તો જોયું કે હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની સાથે ચકકી ચલાવી રહ્યા છે આ જોઇને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું તમારામાંથી કોણ વધારે થાકી ગયું છે. ?

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું: અય રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા (સ.અ.) થાકી ગયા છે.

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને કહ્યું મારી દીકરી તમે ઉભા થઇ જાઓ. જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) ઉભા થઇ ગયા અને તેઓની જગ્યાએ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) બેસી ગયા અને હઝરત અલી (અ.સ.)ની સાથે મળીને ચકકી ચલાવવામાં વ્યસ્ત થઇ ગયા.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૫૦ / ૫૧)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પોતાના પતિથી કોઈ માંગણી કરતા નથી.

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ ફરમાવ્યું:

“જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ હઝરત અલી (અ.સ.)ને વાયદો કર્યો હતો કે ઘરકામ જેવા કે લોટ બાંધવો, રોટી બનાવવી અને ઝાડુ લગાવવી વિગેરે.... આ બધા કામો કરશે અને હઝરત અલી (અ.સ.)એ પણ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને વાયદો કર્યો હતો કે ઘરની

બહારના કામો જેવા કે લાકડીઓ લાવવી વિગેરે તેઓ કરશે.”

એક દીવસ હઝરત અલી (અ.સ.)એ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને પુછયું કાંઈ ખાવાનું છે ?

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ કહ્યું: કસમ તે ઝાતની કે જેણે આપના હકને મહાન કર્યો ત્રણ દીવસ થયા કે ઘરમાં કાંઈ નથી કે હું આપને આપું.

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું તો પછી મને કહ્યું કેમ નહીં ?

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ ફરમાવ્યું: હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને ના પાડી છે કે હું

તમારી પાસે કોઈ વસ્તુની માંગણી કરૂં નહીં.

(બેહાર ભાગ ૪, પેજ નં. ૩૧)

# ઘરેલુ જીવનમાં સુમેળ

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે.

**“ખુદાની કસમ જયાં સુધી ફાતેમા (સ.અ.) હયાત રહ્યા મેં કયારેય પણ તેઓને નારાઝ નથી કર્યા અને ન તો કયારેય કોઈ કામ કરવા ઉપર મજબુર કર્યા છે. તેઓએ પણ મને કયારેય નારાઝ નથી કર્યો અને મારી નાફરમાની નથી કરી. જયારે પણ હું તેઓની સામે જોતો તો મારા દરેક દુઃખ દૂર થઇ જતા.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૩૪)

# સહુથી સાચી ખાતુન

આયેશાનું બયાન છે.

**"મેં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને જનાબે ફાતેમા (સ.અ.)થી વધારે સાચા બીજા કોઈને નથી જોયા."**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૫૩)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની ઈબાદત

હસને બસરીનું બયાન છે કે આ ઉમ્મતમાં જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)થી વધીને કોઈ ઈબાદત કરનાર નથી થયું. નમાઝ અને ઈબાદતમાં એવી રીતે ઉભા રહેતા કે તેમના પગ સોજી જતા હતા.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૮૪)

# ઈબાદત અને બીજાઓ માટે દુઆઓ

ઈમામ હસને મુજતબા (અ.સ.) ફરમાવે છે.

“મેં મારા માતા જનાબે ફાતેમા (સ.અ.)ને જોયા કે શબે જુમ્આના ઇબાદતમાં મશગુલ છે અને સુરજ ઉગવા સુધી ઇબાદતમાં તલ્લીન રહ્યા. હું સાંભળી રહ્યો હતો કે મોઅમેનીન અને મોઅમેનાત માટે નામ લઇ લઈને દુઆઓ કરી રહ્યા હતા અને પોતાના માટે એક પણ દુઆ ન કરી. મેં કહ્યું અય માદરે ગિરામી! જે રીતે આપ બીજાઓ માટે

દુઆઓ કરી રહ્યા હતા પોતાના માટે કેમ કોઈ દુઆ ન કરી. મારા માદરે ગિરામીએ જવાબ આપ્યો કે અય મારા લાલ! પહેલા પાડોશીઓ માટે દુઆ કરવી જોઈએ અને પછી આપણા માટે.

(કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૫ / ૨૬)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો પરદો

હઝરત ઈમામ મુસા કાઝિમ (અ.સ.) પોતાના વડવાઓથી રિવાયત નકલ કરે છે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું:

"એક અંધ માણસે મારા ઘરમાં દાખલ થવા માટે રજા માંગી. જનાબે ફાતેમા (સ.અ.)એ પોતાને એક ચાદરમાં છુપાવી લીધા તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું. અય ફાતેમા (સ.અ.)! તમે કેમ ચાદરમાં પોતાને છુપાવી લીધા. આ

આવનાર માણસ તો અંધ છે તે તમને જોઈ નથી શકતો.

જનાબે ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યુંઃ ભલે તે મને નથી જોઈ શકતો પરંતુ હું તો તેને જોઈ શકું છું. તે અંધ છે પણ તેનું નાક તો સારૂં છે તે મારી ખુશ્બુ તો સુંઘી શકે છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ હું ગવાહી આપું છું કે તમે મારા શરીરનો ભાગ છો.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૯૧)

# જનાબે ફાતેમા (સ.અ.) અજાણ્યા લોકોથી દૂર રહેતા

આ સવાલના જવાબમાં કે ઔરતો માટે સહુથી બહેતર વસ્તુ કઈ છે ?

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ ફરમાવ્યું: **“ઔરતો માટે સહુથી બહેતર વસ્તુ એ છે કે કોઈ મર્દ તેઓને ન જોઈ શકે અને તેણી કોઈ મર્દને ન જુએ.”**

(કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૨૩ / ૨૪)

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ પોતાના સહાબીઓને પુછયું કે તે કયો સમય છે કે જયારે ઔરત ખુદાવંદે આલમની સહુથી વધારે નઝદીક હોય છે.

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ)એ ફરમાવ્યું:

**“ઔરત તે સમયે ખુદાવંદે આલમથી સહુથી વધારે નઝદીક છે કે જયારે તેણી પોતાના ઘરમાં રહે.”**

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ જયારે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો આ જવાબ સાંભળ્યો ત્યારે ફરમાવ્યું:

**“ફાતેમા (સ.અ.) મારા શરીરનો ભાગ છે.”**

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૯૨)

એ વાત સાફ છે કે ઔરતોનું ઘરમાંથી બહાર નીકળવું જો કોઈ હરામ કામની નિય્યત ન હોય તો હરામ નથી. પણ બીજા અમુક કાર્યો કરવા માટે ઘરમાંથી બહાર નિકળવું જરૂરી છે જેમ કે હજ વિગેરે.....આ રિવાયતનો મકસદ એ છે કે ઔરતોને કારણ વિના ઘરમાંથી બહાર ન કાઢવી જોઈએ અને નામહેરમ મર્દોની નઝરોમાં ન આવવું જોઈએ.

# ઘરની નોકરાણી સાથે કામકાજની વહેંચણી

જનાબે સલમાને ફારસીનું કથન છે કે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) બેઠા હતા અને પોતાના હાથો વડે ચકકી ચલાવી રહ્યા હતા અને તેઓનો હાથ ઝખ્મી હોવાના કારણે ચકકીનો હાંથલો (દાંડલો) લોહી લુહાણ થઇ ગયો હતો. તે સમયે હઝરત ઈમામ હુસૈન (અ.સ) નાના હતા અને ભૂખના કારણે એક ખુણામાં બેસીને રડી રહ્યા હતા. મેં કહ્યું કે અય બિન્તે રસુલ (સ.અ.વ.)! તમારો હાથ

ઝખ્મી છે અને તેમાંથી લોહી નિકળી રહ્યું છે. ફિઝઝા હાજર છે તેને કહો તે કામ કરી આપશે.

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ ફરમાવ્યું:

“હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને નસીહત કરી છે કે એક દીવસ ફિઝઝા કામ કરે અને એક દીવસ હું કામ કરૂં. ગઈકાલે ફિઝઝાનો વારો હતો અને આજે મારો વારો છે.”

(જનાબે ફિઝઝા બહુ જ પરહેઝગાર બીબી હતા અને ખાતુને જન્નત જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના કનીઝ હતા. આ વાત ઉપર પણ ધ્યાન આપવું જોઈએ કે આ રિવાયત ખુદ જનાબે ફાતેમા

ઝહેરા (સ.અ.)એ નકલ કરેલ છે. શરૂઆતનો અમુક સમય ખુબ જ સખ્તીમાં પસાર થયો છે પણ જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ આપને બાગે ફિદક આપ્યો ત્યાર પછીથી અહલેબૈત (અ.મુ.સ.)ની હાલત બહેતર થઇ ગઈ હતી. આ રિવાયત પણ મળે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ આપને એક કનીઝ પણ આપી હતી જેમનું નામ "ફિઝઝા" હતું. તેથી અગર અમુક રિવાયતોમાં મળે છે કે અહલેબૈત (અ.મુ.સ.)એ તકલીફોમાં પોતાનું જીવન પસાર કર્યું અને અમુક રિવાયતોમાં એક કનીઝનો ઉલ્લેખ જોવા મળે છે તો આ બન્ને પ્રકારની

રિવાયતો જીવનના અલગ અલગ ભાગોની હાલતનું વર્ણન કરે છે)

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૨૮)

# દુનિયાના શણગારથી દૂરી

(૧) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું:

અસ્મા બિન્તે ઉમૈસે મને કહ્યું કે હું આપના દાદી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.) પાસે હતી એટલામાં ત્યાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) આવ્યા ત્યારે જનાબે ફાતેમા (સ.અ.)ના ગળામાં એક સોનાનો હાર હતો જે હઝરત અલી (અ.સ.)એ તે રકમમાંથી ખરીદયો હતો કે જે રકમ તેમને માલે ગનીમતમાંથી મળી હતી. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કયાંક લોકો એમ ન કહેવા

લાગે કે મોહમ્મદ (સ.અ.વ.)ની દીકરી ફાતેમા (સ.અ.) જાબીર બાદશાહો જેવો પોષાક પહેરે છે.

આ સાંભળી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ તે હારને કાઢીને તોડી નાખ્યો અને તેને વહેંચી તેમાંથી જે રકમ આવી તેનો એક ગુલામ ખરીદી તેને આઝાદ કરી દીધો. આ કાર્યથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) બહુ જ ખુશ થયા.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૮)

(૨) ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) )ફરમાવે છે.

જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મુસાફરી પર જતા તો પોતાના દરેક સગા સંબંધીઓ સાથે

મુલાકાત કરતા અને બધાથી છેલ્લે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને મળવા આવતા અને આપના જ ઘરેથી પોતાની મુસાફરી શરૂ કરતા હતા અને જયારે મુસાફરીથી પરત આવતા તો સહુથી પહેલા જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને મળતા પછી બીજા સગા સંબંધીઓને મળતા હતા.

એક વખત હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મુસાફરીમાં ગયા. હઝરત અલી (અ.સ.)ને માલે ગનીમતમાંથી અમુક ભાગ મળ્યો હતો જે તેઓએ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને આપી પોતે પણ મુસાફરીમાં રવાના થયા હતા. જનાબે ફાતેમા (સ.અ.)એ તેમાંથી ચાંદીના બે કડા અને એક

પરદો ખરીદયો હતો જે દરવાજા ઉપર લગાવી દીધો હતો. જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પરત આવ્યા મસ્જીદમાં ગયા અને પોતાના નિયમ પ્રમાણે સહુથી પહેલા જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ના ઘરે આવ્યા તો જનાબે ફાતેમા (સ.અ.) પોતાના બાબાને જોઈને ખુશ થઇ ગયા અને આગળ વધ્યા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ આપના હાથોમાં ચાંદીના કડા અને દરવાજા ઉપર પરદો જોયો તો ત્યાં જ બેસી ગયા અને આગળ ન વધ્યા અને ત્યાંથી જ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને જોતા રહ્યા. આ જોઇને જનાબે ફાતેમા (સ.અ.)ને બહુ જ અફસોસ થયો અને

તેઓ રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અય બાબાજાન! પહેલા તો તમે કયારેય આવું વર્તન કરતા ન હતા.

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ પોતાના બંને બાળકો હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ને બોલાવ્યા અને દરવાજા ઉપરથી નવો પરદો ઉતારી લીધો અને પોતાના હાથોમાંથી કડા પણ ઉતારી લીધા. એક બાળકને કડા આપ્યા અને બીજાને પરદો આપ્યો અને તેઓને કહ્યું કે તમારા નાના પાસે જાવ. પહેલા મારા સલામ આપજો અને કહેજો કે તમારા સફરમાં જઈને આવવા દરમિયાન અમે આના

સિવાય બીજું કાંઈ નવું નથી કર્યું. આ બંને વસ્તુઓનું આપ જે ચાહો તે કરી શકો છો. બંને બાળકોએ પોતાની માતાનો સંદેશો નાના પાસે જઈને કહી સંભળાવ્યો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તે બંને બાળકોને ગળેથી લગાડી લીધા અને બંનેને ચુંબન કર્યું અને બંનેને પોતાના ખોળામાં બેસાડયા ત્યારબાદ તે બંને કડાઓના ટુકડા કરી નાખવાનો હુકમ આપ્યો અને **"અસ્હાબે સુફફા"**ને બોલાવ્યા (આ લોકો મુહાજેરીનમાંથી હતા જેમની પાસે ન મકાન હતુ ન માલ-દૌલત) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તેની (કડાના ટુકડાઓની) તે લોકોમાં વહેંચણી કરી

આપી. પછી તે પરદો કે જેની પહોળાઈ ઓછી હતી પણ લંબાઈ વધારે હતી તેને એવા લોકોમાં વહેંચી દીધો કે જેઓની પાસે પહેરવા કપડા ન હતા.

ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

**“ખુદા ફાતેમા (સ.અ.) ઉપર રહેમતો ઉતારે ખરેખર તે પરદાના બદલામાં ખુદા બેહિશ્તનાં કપડા અતા કરશે અને તે કડાના બદલામાં બેહિશ્તના ઘરેણા અતા કરશે.”**

# શાદીનો પોશાક

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની શાદીના પ્રસંગે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને એક પોશાક આપ્યો હતો કેમ કે જે કપડા આપે પહેરેલા હતા તેમાં થીગડા લાગેલા હતા. ત્યારે એક મોહતાજ તેઓના ઘરે આવ્યો અને તેણે જુના કપડાની માંગણી કરી. જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ ચાહ્યું કે તે જુના કપડા કે જેમાં થીગડા લાગેલા હતા તે માંગનાર ફકીરને આપી દે પણ તરત જ વિચાર આવ્યો કે ખુદા ફરમાવે છે.

**“ત્યાં સુધી તમે નેકી પ્રાપ્ત નથી કરી શકતા કે જયાં સુધી તમારી સહુથી પ્રિય વસ્તુ ખુદાની રાહમાં આપી ન દો.”**

(સુરએ આલે ઇમરાન / આયત નં. ૯૨)

જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ પોતાના નવા કપડા તે ફકીરને આપી દીધા.

(રીયાહીનુશ્શરીઅહ ભાગ ૧, પેજ નં. ૧૦૬)

# તકવા અને ખૌફે ખુદા (ખુદાનો ડર)

જયારે આ આયત નાઝિલ થઇ કે:

**“અને દોઝખ તે લોકોની રાહમાં છે જેના સાત દરવાજાઓ છે અને તેમાંથી દરેક દરવાજાનો ભાગ નકકી છે”**

(સુરએ હોજોરાત / આયત નં. ૪૩, ૪૪)

પયગમ્બર (સ.અ.વ.) મોટા અવાજે રડવા લાગ્યા. આપ (સ.અ.વ.)ને રડતા જોઈ સહાબીઓ પણ રડવા લાગ્યા પણ કોઈને એ ખબર ન હતી કે જ. જીબ્રઈલ શું

સંદેશ લાવ્યા છે? પયગમ્બર (સ.અ.વ.)નો રોબ અને દબદબો એટલો હતો કે કોઈની હિંમત થતી ન હતી કે તે આપ (સ.અ.વ.)ને રડવાનું કારણ પુછી શકે. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની આદત એ હતી કે જયારે આપ (સ.અ.વ.) જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને જોતા તો ખુશ થઇ જતા આથી જનાબે સલમાન જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરે ગયા જેથી તેઓને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના રડવાની ખબર સંભળાવે. જયારે ત્યાં પહોંચ્યા તો સલમાને જોયું કે જનાબે ફાતેમા (સ.અ.) જવ પીસી રહ્યા છે અને આ આયતની તિલાવત કરી રહ્યા હતા.

**“અને જે કાંઈ અલ્લાહ પાસે છે તે બહેતર છે અને વધારે સમય બાકી રહેવાવાળુ છે.”**

(સુરએ કસસ - આયત નં. ૬૦ / સુરએ શુરા – આયત નં. ૩૬)

એક ઉની ચાદર આપના મુબારક શરીર ઉપર છે જેમાં ખજુરના ઝાડની છાલના થીગડાઓ લાગેલા છે. જનાબે સલમાને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના રડવાની વાત કહી અને જ. જીબ્રઈલના આવવાની ખબર પણ આપી. જનાબે ફાતેમા (સ.અ.) ઉઠયા અને ત્યાંથી રવાના થયા. આ જોઇને સલમાન ખુબ જ ગમગીન થયા અને કહેવા લાગ્યા. અફસોસ! કૈસર (રોમનો બાદશાહ) અને કિસરા

(ઈરાનનો બાદશાહ)ની દીકરીઓ રેશમી કપડા પહેરે અને મોહમ્મદ (સ.અ.વ.)ની દીકરી ઉની ચાદર ઓઢે જેમાં બાર થીગડાઓ લાગેલા છે.

જનાબે ફાતેમા (સ.અ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા, સલામ કરી અને કહ્યુ અય બાબજાન! સલમાન મારો પોશાક જોઇને આશ્ચર્ય વ્યકત કરે છે. કસમ છે તે ખુદાની જેણે આપ (સ.અ.વ.)ને હકની સાથે મોકલ્યા આજે પાંચ વર્ષ થવા આવ્યા કે મારી અને અલી (અ.સ.)ની જરૂરતોમાં જાનવરનું ચામડુ છે. દીવસે આ જ ચામડા ઉપર ઊંટનો ચારો નાંખું છું અને રાત્રે આ જ ચામડુ અમારી પથારી છે અને એક તકીયો

છે કે જેમાં ખજુરના ઝાડની છાલ ભરેલી છે.

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું: “અય સલમાન! મારી દીકરી ખુદા તરફ અગ્રતા મેળવનારાઓમાંથી છે.”

જનાબે ફાતેમા (સ.અ.)એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને રડવાનું કારણ પુછ્યું.

જ. જીબ્રઈલ જે આયત લઈને આવ્યા હતા તેની હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે ફાતેમા (સ.અ.)ને જાણ કરી. જયારે જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)એ તે આયત સાંભળી તો એટલા રડયા કે ઝમીન ઉપર પડી ગયા અને સતત કહેતા

હતા કે તે લોકો ઉપર વાય થાય કે જેઓને જહન્નમની આગમાં નાખવામાં આવશે.

(રીયાહીનુશ્શરીઅહ ભાગ ૧, પેજ નં ૧૪૮)

# ભુખ અને આસમાની ખાણું

અબુ સઈદ ખુદરીનું વર્ણન છે કે “એક દીવસ હઝરત અલી (અ.સ.) ખુબ જ ભૂખ્યા હતા જનાબે ફાતેમા (સ.અ.)ને કહ્યું કે કાંઈક ખાવાનું હોય તો મને આપો.”

જનાબે ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યું: કસમ છે તે ખુદાની જેણે મારા બાબાને નબી બનાવી મોકલ્યા છે અને આપને વસી બનાવ્યા છે. મારી પાસે અત્યારે કાંઈ નથી. બે દીવસથી ઘરમાં ખાવાનું કાંઈ નથી. જે કંઈ થોડું ઘણું હતું તે આપને

આપ્યું અને આપને મારા અને મારા બંને દીકરાઓ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) ઉપર અગ્રતા આપી.

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું: તમે મને કહ્યું કેમ નહીં ? જેથી હું તમારા લોકો માટે કાંઇક વ્યવસ્થા કરતે.

જનાબે ફાતેમા (સ.અ.)એ કહ્યું: અય અબુલ હસન! મને ખુદાથી શર્મ આવે છે કે હું આપની પાસે એ વસ્તુ માંગુ કે જે આપની પાસે ન હોય.

હઝરત અલી (અ.સ.) ખુદા ઉપર ભરોસો રાખીને અને નેક ગુમાન સાથે ઘરની બહાર આવ્યા અને એક દીનાર કર્ઝ તરીકે લીધો. હજુ દીનાર

હાથમાં જ હતો અને વિચારી રહ્યા હતા કે મારા ઘરવાળાઓ માટે કાંઈક ખાવાનું લઉં. એટલામાં મિકદાદ બિન અસ્વદથી મુલાકાત થઇ. બપોરનો સમય હતો સુરજ આગ વરસાવી રહ્યો હતો, ઝમીન પણ સળગી રહી હતી જેના કારણે તકલીફમાં વધારો થઇ રહ્યો હતો. હઝરત અલી (અ.સ.)એ જયારે મિકદાદને આવી હાલતમાં જોયા તો દેખાઈ આવતું હતું કે કોઈ વાત જરૂર છે કે જેના લીધે અત્યારે ઘરની બહાર નિકળ્યા છે. હઝરત અલી (અ.સ.)એ પુછયું મિકદાદ શું વાત છે કે આ સમયે પોતાના ઘર

અને ઘરવાળાઓને છોડીને બહાર આવ્યા છો ?

મિકદાદે કહ્યું: અય અબુલ હસન! મને જવા દો મારી હાલત વિષે ન પુછો.

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું: એ અશકય છે. જયાં સુધી હું તમારી હાલત વિષે જાણી ન લઉં તમે અહીંથી જઈ શકતા નથી.

મિકદાદે કહ્યું: મૌલા! ખુદાના માટે મને જવા દો અને મારી હાલત વિષે સવાલ ન કરો.

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું: એ શકય જ નથી કે તમે તમારી હાલત મારાથી છુપી રાખી શકો.

મિકદાદે કહ્યું: અય અબુલ હસન! જયારે આપ આટલી જીદ કરી રહ્યા છો અને મને જવા નથી દેતા તો સાંભળો. તે ખુદાની કસમ કે જેણે હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને નબી અને આપ (અ.સ.)ને વસી બનાવીને મોકલ્યા છે હું અત્યારે મારા ઘરેથી એટલા માટે બહાર નિકળ્યો છું કે એવી કોઈ વસ્તુની વ્યવસ્થા કરૂ કે જેનાથી મારી અને મારા ઘરવાળાઓની ભૂખને દૂર કરી શકું. હું અત્યારે મારા ઘરેથી આવી રહ્યો છું મેં જોયું કે મારા છોકરાઓ ભૂખના કારણે તડપી રહ્યા છે. જયારે મેં મારા છોકરાઓનો રડવાનો અવાજ સાંભળ્યો તો હું રહી ન શકયો તેથી

પરેશાનીની હાલતમાં ઘરેથી નિકળ્યો છું જેથી કોઈ વસ્તુ ખરીદી શકું. આ છે મારી દાસ્તાન.

આ સાંભળી હઝરત અલી (અ.સ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને એટલું રડયા કે આંસુ આપ (અ.સ.)ની દાઢી સુધી આવી ગયા. આપ (અ.સ.)એ મિકદાદને કહ્યું જેની તમે કસમ ખાધી છે તેની જ કસમ ખાઈને કહું છું જે વસ્તુ માટે તમે ઘરેથી બહાર નિકળ્યા છો હું પણ તેના માટે જ બહાર આવ્યો છું. મેં આ દીનાર કર્ઝ લીધો છે અને તમને મારા ઉપર અગ્રતા આપું છું. આટલું કહી તે દીનાર મિકદાદને આપી પોતે

મસ્જીદે નબવીમાં આવ્યા. નમાઝે ઝોહરૈન અને મગરેબૈન આ જ મસ્જીદમાં અદા કરી. જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મગરિબની નમાઝ પૂરી કરી હઝરત અલી (અ.સ.)ની સામેથી પસાર થયા કે જેઓ પહેલી સફમાં નમાઝ પઢી રહ્યા હતા આપ (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ને ઈશારો કરીને કહ્યું કે ઉઠો. હઝરત અલી (અ.સ.) ઉભા થયા અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની પાછળ પાછળ ચાલવા લાગ્યા. મસ્જીદના એક દરવાજા પાસે પહોંચી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા અને સલામ કરી. હઝરત

રસુલે ખુદા (સ.અ.વ.)એ સલામનો જવાબ આપ્યો અને ફરમાવ્યું. અય અબુલ હસન! તમારી પાસે રાતના જમવા માટે કાંઈ છે કે જેથી હું તમારી સાથે આવું ?

હઝરત અલી (અ.સ.)એ માથુ નમાવી દીધું અને ચુપ રહ્યા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) દીનારની વાત (જે હઝરત અલી (અ.સ.)એ કર્ઝ લીધેલ હતો તે) જાણતા હતા કે કોની પાસેથી લીધો હતો અને પછી કોને આપી દીધો હતો ? ખુદાવંદે આલમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને વહી કરી હતી કે આજે રાત્રે હઝરત અલી (અ.સ.)ના ઘરે મહેમાન થાય. હઝરત

રસુલે ખુદા (સ.અ.વ.)એ જયારે હઝરત અલી (અ.સ.)ની ચુપકીદી જોઈ તો ફરમાવ્યું અય અલી! ના કહી દો તો હું પાછો જતો રહું અથવા હાં કહો તો તમારી સાથે આવું.

હઝરત અલી (અ.સ.)એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો એહતેરામ રાખતા શર્મથી કહ્યું ચાલો મારી સાથે આવો.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ)એ હઝરત અલી (અ.સ.)નો હાથ પકડયો અને જનાબે ફાતેમા (સ.અ.)ની પાસે આવ્યા ત્યારે આપ (સ.અ.) નમાઝ પઢી રહ્યા હતા. જયારે જનાબે ફાતેમા (સ.અ)એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો અવાજ સાંભળ્યો તો

આપ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા અને સલામ કરી. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ સલામનો જવાબ આપ્યો અને મોહબ્બતથી પોતાનો હાથ જનાબે ફાતેમા (સ,અ.)ના માથા ઉપર ફેરવ્યો અને પુછયું અય મારી દીકરી! દીવસો કેવી રીતે પસાર થઇ રહ્યા છે ? ખુદાવંદે આલમ તમારા ઉપર રહેમત નાઝિલ કરે અત્યારે મને ખાવાનું આપો. ખુદા તમને બખ્શી દેશે અને ખરેખર તેણે તમને બખ્શી આપ્યા.

જનાબે ફાતેમા (સ.અ.)એ તપેલી ઉપાડી અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.)ની સામે રાખી દીધી. હઝરત

અલી (અ.સ.)એ જયારે આ ખાવાનું જોયું અને તેની ખુશ્બુ સુંઘી તો જનાબે ફાતેમા (સ.અ.)ની સામે જોયું જનાબે ફાતેમા (સ.અ.)એ કહ્યું કે આપ તો મને એવી રીતે જોઈ રહ્યા છો કે જાણે મેં કોઈ ખોટું કામ કર્યું હોય.

હઝરત અલી (અ.સ.)એ કહ્યું કે તમે તો કસમ ખાઈને કહ્યું હતું કે બે દીવસથી કાંઈ ઘરમાં ખાવાનું નથી.

જનાબે ફાતેમા (સ.અ.)એ આસમાન તરફ જોયું અને કહ્યું કે મારો ખુદા આસમાન અને ઝમીનની વાતોથી જાણકાર છે કે મેં હક સિવાય કશું જ નથી કહ્યું.

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું આ ખાવાનું કયાંથી આવ્યું ? મેં કયારેય આવું ખાવાનું જોયું નથી કે ન તો આવી ખુશ્બુ કયારેય સુંઘી છે અને કયારેય આવું ખાવાનું ખાધું પણ નથી.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાના મુબારક હાથો વડે હઝરત અલી (અ.સ.) તરફ ઈશારો કર્યો અને કહ્યું અય અલી! ખુદા તરફથી તમારા દીનારનો આ બદલો છે.

**“ખુદા જેને ચાહે છે તેને બેહીસાબ રોઝી આપે છે.”**

(સુરએ આલે ઇમરાન / આયત નં. ૩૭)

ત્યારબાદ અલ્લાહનો શુક્ર કરીને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) રડવા લાગ્યા અને કહ્યું. શુક્ર છે તે ખુદાવંદે આલમનો કે જેણે દુનિયામાં તમને અજ્ર અતા કર્યો અને અય અલી! તમને ઝકરિયાની જેવો અને ફાતેમા (સ.અ.)ને મરિયમની જેવો મરતબો આપ્યો.

**"જયારે પણ જનાબે ઝકરિયા (અ.સ.) જનાબે મરિયમ (સ.અ.) પાસે આવતા તો ત્યાં અલ્લાહ તરફથી રિઝક હાજર જોતા"**

(સુરએ આલે ઇમરાન / આયત નં. ૩૭)

# બરકતી હાર

જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારીનું બયાન છે કે એક દીવસ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ નમાઝે અસ્ર અમારી સાથે પઢી. નમાઝ પઢી લીધા બાદ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મુસલ્લા ઉપર બેસી ગયા અને લોકો આપની ચારે તરફ બેસી ગયા. એટલામાં અરબ મુહાજેરીનમાંથી એક ઝઈફ અરબ કે જેણે ફાટેલા કપડા પહેરેલા હતા હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યો. તે એટલો બુઢ્ઢો અને કમજોર હતો કે પોતાને સંભાળી પણ શકતો ન

હતો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તેની તરફ ધ્યાન આપ્યું અને તેની ખૈરિયત પુછી. તેણે કહ્યું અય રસુલે ખુદા (સ.અ.વ.)! હું ભૂખ્યો છું મને ખાવાનું જોઈએ છે, મારી પાસે કપડા નથી મને કપડા આપો, હું મોહતાજ છું મારા ઉપર એહસાન કરો.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું: મારી પાસે તો કંઈ નથી કે જે તને આપી શકું તેથી હું તને રસ્તો બતાવું છું. સારા કાર્યનો રસ્તો બતાવનાર પણ એવો જ છે કે જેવો સારૂં કાર્ય કરનાર છે. તે ઘરે જા કે જેને ખુદા અને તેનો રસુલ દોસ્ત રાખે છે અને તેઓ પણ ખુદા અને તેના રસુલને દોસ્ત રાખે છે, ખુદાની

રાહમાં નિસ્વાર્થ ત્યાગ કરે છે. જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરે જાવ. તેઓનું ઘર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઘરની બાજુમાં જ છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે ફાતેમા (સ.અ.)નું ઘર પોતાની પત્નિઓના ઘરથી અલગ રાખ્યું હતું.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું અય બીલાલ! જાવ અને આ માણસને જનાબે ફાતેમા (સ.અ)ના ઘર સુધી પહોંચાડી દો.

તે ઝઈફ અરબ જનાબે બીલાલની સાથે જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરના દરવાજા સુધી આવ્યો દરવાજે ઉભો રહીને ઉંચા અવાજે કહ્યું સલામ થાય તમારા

ઉપર અય નબુવ્વતના ખાનદાન! અય મલાએકાના ઉતરવાનુ કેન્દ્ર! અય જ. જીબ્રઈલે અમીનની મંઝિલ! અય ખુદાની વહીની મંઝિલ! તમારા ઉપર સલામ થાય.

જનાબે ફાતેમા (સ.અ.)એ ફરમાવ્યું: તમારા ઉપર પણ સલામ થાય તમે કોણ છો ?

તે ઝઈફ અરબે કહ્યું: હું એક ઝઈફ અરબ છું સખ્તી અને પરેશાનીઓના કારણે હિજરત કરીને આપના પિતા સરવરે કાએનાતની પાસે આવ્યો છું. અય બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)! હું ખુબ જ ભૂખ્યો છું, મારી પાસે કપડા નથી મારા ઉપર

એહસાન કરો ખુદા તમારા ઉપર રહેમતો નાઝિલ કરે.

આ એ સમય હતો કે જયારે ત્રણ દીવસથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.), હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)એ કંઈ પણ ખાધું ન હતું. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા (સ.અ.)ની હાલતથી વાકેફ હતા. જાનવરનું એ ચામડુ કે જેના ઉપર હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.) સુતા હતા. જનાબે ફાતેમા (સ.અ.)એ તે ચામડુ તે ઝઈફ અરબને એમ કહી આપ્યું કે અય શખ્સ આ લઇ લે એ ઉમ્મીદ સાથે કે ખુદા તારી ઉપર રહેમત નાઝિલ કરે

અને આના કરતા વધારે સારૂં તને આપે.

તે ઝઈફ અરબે કહ્યું: અય બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)! મેં તમારી પાસે ભૂખની ફરિયાદ કરી છે અને આપ મને જાનવરનું ચામડુ આપી રહ્યા છો હું ભૂખમાં આનું શું કરૂં ?

જયારે જનાબે ફાતેમા (સ.અ.)એ તેની આ વાત સાંભળી તો પોતાના તે હાર તરફ હાથ કર્યો કે જે હાર જનાબે હમ્ઝા બીન અબ્દુલ મુત્તલીબની દીકરી ફાતેમાએ આપને ભેટ તરીકે આપ્યો હતો. જનાબે ફાતેમા (સ.અ.)એ તે હાર તે ઝઈફને આપી દીધો અને કહ્યું કે આ હારને

વહેંચી નાંખો. આશા છે કે ખુદા તને આના કરતા વધારે આપશે.

અરબે તે હાર લઇ લીધો અને મસ્જીદે નબવીમાં આવ્યો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના સહાબીઓની વચ્ચે બેઠા હતા. પેલા અરબે આવીને કહ્યું અય રસુલે ખુદા (સ.અ.વ.)! જનાબે ફાતેમા (સ.અ.)એ મને આ હાર આપ્યો છે અને કહ્યું છે કે આ હારને વહેંચી દો આશા છે કે ખુદા તમારી જરૂરતોને પૂરી કરશે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા અને કહ્યું કેવી રીતે શકય છે કે ખુદા તારી જરૂરતોને પૂરી ન કરે જયારે કે તને આ હાર તેણે આપ્યો છે

કે જે હઝરત આદમ (અ.સ.)ની તમામ દીકરીઓની સરદાર છે.

જનાબે અમ્મારે યાસીર ઉભા થયા અને કહ્યું અય રસુલે ખુદા (સ.અ.વ.)! શું આપ મને રજા આપો છો કે આ હાર હું ખરીદી લઉં. ?

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું અય અમ્માર! આ હારને ખરીદી લો અગર આ હારને ખરીદવા માટે તમામ જીન અને ઇન્સાન ભેગા થઇ જાય તો ખુદા તે દરેકને જહન્નમની આગથી આઝાદ કરી દેશે.

જનાબે અમ્મારે કહ્યું: અય અરબ! આ હાર કેટલામાં વહેંચીશ ?

તે અરબે કહ્યું: એટલું ગોશ્ત અને રોટી મળી જાય કે જેનાથી હું મારી ભૂખ દૂર કરી શકું, એક યમની ચાદર જેનાથી હું મારા શરીરને ઢાંકી શકું અને અલ્લાહની બારગાહ હાજર થઈને નમાઝ પઢી શકું અને એક દીનાર કે જેનાથી હું મારા ઘરે પહોંચી જાઉં.

જંગે ખૈબરના માલે ગનીમતમાંથી જે ભાગ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબે અમ્મારને આપ્યો હતો તે વાપરી ગયા હતા અને હવે કશું જ હતું નહીં. જનાબે અમ્મારે કહ્યું કે આ હારના બદલામાં હું તને વીસ દીનાર, બસ્સો દીરહમ, એક યમની ચાદર અને એક ઊંટ

આપીશ કે જે તને તારા ઘર સુધી પહોંચાડી દે અને ગોશ્ત અને રોટી આપીશ કે જેનાથી તારી ભૂખ દૂર થઇ જાય.

અરબે કહ્યું: અય શખ્સ તમે બહુ જ વધારે સખી છો આટલું બોલી તે જનાબે અમ્મારની સાથે ગયો અને જનાબે અમ્મારે જે વાયદો કર્યો હતો તે પૂરો કર્યો. તે અરબ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે પરત આવ્યો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તેને પુછયું જમી લીધું, કપડા મળી ગયા ?

તે અરબે કહ્યું: મારા માં બાપ આપ પર કુરબાન હું બેનિયાઝ થઇ ગયો.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું: ફાતેમા (સ.અ.)ના હકમાં દુઆ કરો.

અરબે કહ્યું: બારે ઇલાહા! તું હંમેશાથી અમારો ખુદા છે તારા સિવાય બીજા કોઈ ખુદાની હું ઈબાદત નથી કરતો તું દરેક રીતે અમને રિઝક આપનાર છે. ખુદાયા! ફાતેમા (સ.અ.)ને તે વસ્તુઓ આપ જેને કયારેય ન તો આંખે જોઈ હોય અને ન કાને સાંભળી હોય. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તેની દુઆ ઉપર આમીન કહ્યું. અને પોતાના સહાબીઓ તરફ મોઢું ફેરવીને ફરમાવ્યું.

"ખુદાવંદે આલમે ફાતેમા (સ.અ.)ને આ દુનિયામાં આ દુઆનો મતલબ અતા કર્યો છે કેમ કે હું તેનો પિતા છું દુનિયામાં કોઈ પણ મારા જેવો નથી, હઝરત અલી (અ.સ.) તેમના પતિ છે અગર અલી (અ.સ.) ન હોત તો કયામત સુધી કોઈ ફાતેમા (સ.અ.)નો પતિ ન હોત. ખુદાવંદે આલમે ફાતેમા (સ.અ.)ને હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જેવા દીકરાઓ આપ્યા છે દુનિયામાં કોઈ પણ તે બંને જેવું નથી. તે બંને અંબિયાના દીકરાઓના સરદાર છે અને બંને જન્નતના જવાનોના સરદાર છે."

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની સામે જનાબે મિકદાદ, જનાબે અમ્માર અને જનાબે સલમાન બેઠા હતા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તેઓને સંબોધીને કહ્યું શું તમારા લોકો માટે ફાતેમા (સ.અ.)ની વધારે ફઝિલત વર્ણવું. ?

તેઓએ કહ્યું: બેશક અય રસુલે ખુદા (સ.અ.વ.)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું: જીબ્રઈલે મને ખબર આપી છે કે જયારે ફાતેમા (સ.અ.)ની વફાત થશે અને તેઓને દફનાવવામાં આવશે અને સવાલ કરવાવાળા ફરિશ્તાઓ કબ્રમાં આવશે

અને સવાલ કરશે કે તમારો પરવરદિગાર કોણ છે ?

જનાબે ફાતેમા (સ.અ.) જવાબ આપશે: અલ્લાહ મારો પરવરદિગાર છે.

ફરિશ્તાઓ: તમારા પયગમ્બર કોણ છે ?

જનાબે ફાતેમા (સ.અ.): મારા પિતા

ફરિશ્તાઓ: તમારા ઈમામ અને વલી કોણ છે ?

જનાબે ફાતેમા (સ.અ.): એ જ કે જેઓ મારી કબ્ર પાસે ઉભા છે હઝરત અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું: જાણી લો કે હું ફાતેમા (સ.અ.)ના ફઝાએલ તમારા લોકો માટે હજુ વધારે વર્ણવવા માંગુ છું.

ખુદાવંદે આલમે ફરિશ્તાઓના એક મોટા સમૂહને એ વાત ઉપર નિમ્યા છે કે કે તેઓ ચારે તરફથી જનાબે ફાતેમા (સ.અ.)નું રક્ષણ કરે. આ ફરિશ્તાઓ તેઓની હયાતીમાં પણ તેઓની સાથે છે અને વફાત પછી કબ્રમાં પણ તેઓની સાથે છે. આ ફરિશ્તાઓ ફાતેમા (સ.અ.) ઉપર તેમના પતિ ઉપર અને તેઓના બંને બાળકો ઉપર ખુબ જ વધારે સલવાત

મોકલતા રહે છે. જે કોઈ મારી વફાત પછી મારી ઝિયારત કરશે અથવા જેણે મારી હયાતીમાં મને જોયો હોય. જે કોઈ હઝરત અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.)ની ઝિયારત કરે અથવા અલી (અ.સ.)ને તેમની હયાતીમાં જોવે, જે કોઈ હઝરત હસન (અ.સ.) અને હઝરત હુસૈન (અ.સ.)ના ફરઝંદોની ઝિયારત કરે તો જાણે કે તેણે આ બંને (ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.))ની ઝિયારત કરી.

જનાબે અમ્મારે હાર લીધો અને એક યમની કપડામાં તેને લપેટી લીધો. જનાબે અમ્મારની પાસે સહમ નામી એક ગુલામ હતો જેને જનાબે

અમ્મારે ખૈબરના માલે ગનીમતમાંથી જે રકમ મળી હતી તેમાંથી ખરીદયો હતો. તે હાર જનાબે અમ્મારે તે ગુલામને આપ્યો અને કહ્યું કે આ હારને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે લઇ જા અને તું પણ આજથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો ગુલામ છે.

તે ગુલામ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યો અને અમ્મારનો સંદેશ પહોંચાડયો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું કે આ હાર લઈને ફાતેમા (સ.અ.) પાસે જા અને તું આજથી તેમનો ગુલામ છે.

ગુલામ હાર લઇ જનાબે ફાતેમા (સ.અ.) પાસે આવ્યો અને હઝરત

રસુલે ખુદા (સ.અ.વ.)નો સંદેશો કહી સંભળાવ્યો. જનાબે ફાતેમા (સ.અ.)એ હાર લઇ લીધો અને ગુલામને આઝાદ કરી દીધો. ગુલામ હસવા લાગ્યો જનાબે ફાતેમા (સ.અ.)એ પુછયું અય ગુલામ તું શા માટે હસી રહ્યો છે ?

ગુલામે કહ્યું: આ હારની બેહિસાબ બરકત જોઇને હસી રહ્યો છું કે તેણે એક ભૂખ્યાને ખાવાનું આપ્યું, એક કપડા વિનાના માણસને કપડા આપ્યા, એક ફકીરને બેનિયાઝ કરી દીધો અને એક ગુલામને આઝાદ કર્યો અને પોતે પોતાના અસલી માલિકને પરત મળી ગયો.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૫૬ થી ૫૮)

# નૂરાની ચાદર

એક વખત હઝરત અલી (અ.સ.)એ એક યહુદી પાસેથી થોડાક જવ કર્ઝ તરીકે લીધા. તે યહુદીએ જવના બદલામાં કોઈ વસ્તુ ગીરવી મુકવા કહ્યું. હઝરત અલી (અ.સ.)એ જનાબે ફાતેમા (સ.અ.)ની ઉનની ચાદર તે યહુદી પાસે ગીરવી રાખી. યહુદીએ તે ચાદર એક રૂમમાં રાખી દીધી. જયારે રાત પડી તો તે યહુદીની પત્નિ કોઈ કામથી તે રૂમમાં ગઈ ત્યાં એક નૂર જોયું જે આખા રૂમને પ્રકાશિત કરી રહ્યું હતું. તે ઔરત પોતાના પતિ પાસે આવી અને

કહેવા લાગી કે પેલા રૂમમાં તેણે એક નૂર જોયું છે. યહુદીને આ સાંભળી ખુબ જ આશ્ચર્ય થયું તે ભુલી ગયો હતો કે તેણે તે રૂમમાં ચાદર રાખી છે. યહુદી દોડતો દોડતો તે રૂમમાં આવ્યો અને જોયું કે એક કપડામાંથી નૂરની કિરણો ચારે તરફ ફેલાઈ રહી છે જાણે ચૌદવીનો ચાંદ રૂમમાં ચમકી રહ્યો હોય. આ જોઈ તેને વધારે નવાઈ લાગી તેણે તે કપડાને વધારે ધ્યાનથી જોયું તો તેને યાદ આવ્યું કે આ તો જનાબે ફાતેમા (સ.અ.)ની ચાદર છે. પોતાના ઘરેથી નિકળી પોતાના દરેક સગાસંબંધીઓ પાસે ગયો અને તે બધાને લઈને પોતાના ઘરે આવ્યો. તેની પત્નિ પણ તેના

સગા સંબંધીઓ પાસે ગઈ અને તેઓને પોતાના ઘરે લઈને આવી. લગભગ એંશી યહુદીઓ ત્યાં ભેગા થઇ ગયા અને આ મંઝરને જોવા લાગ્યા. આ જોઈ તે બધા જ યહુદીઓએ ઇસ્લામ સ્વિકારી લીધો.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૪૦)

# જન્નતી કપડા

એક વખત એક યહુદીને ત્યાં શાદીનો પ્રસંગ હતો. તેઓ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા અને કહેવા લાગ્યા. અમે તમારા પાડોશી છીએ અમારા પણ અમુક હકકો છે. અમે આપને ભલામણ કરીએ છીએ કે અમારા ઘરે શાદીનો પ્રસંગ છે તો આપ (સ.અ.વ.) આપની દીકરી ફાતેમા (સ.અ.)ને અમારા ઘરે શાદીમાં મોકલો જેથી તેમના પગલાની બરકતથી શાદીની રોનકમાં વધારો થાય. યહુદીઓ આ વાતની બહુ જ જીદ કરતા રહ્યા.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે તેઓ હઝરત અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.)ના પત્નિ છે. તમે લોકો જાવ અને તેઓની પાસેથી મંજુરી મેળવો.

તે લોકોએ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને ભલામણ કરી કે આપ હઝરત અલી (અ.સ.)ને અમારા વતી ભલામણ કરો. યહુદીઓએ આ શાદીમાં દરેક પ્રકારની જાહો જલાલી રાખી હતી અને અઢળક ઘરેણાં ભેગા કરી રાખ્યા હતા. તેઓનો વિચાર એવો હતો કે અગર ફાતેમા (સ.અ.) શાદીમાં આવશે પણ તો તેમના જુના અને થીગડા મારેલા કપડા પહેરીને જ

આવશે આ રીતે તેઓનું અપમાન થશે અને અમારો હેતુ પૂરો થશે.

તે જ સમયે જીબ્રઈલ જન્નતમાંથી કપડા, ઘરેણાં અને શૃંગારનો સામાન લઈને આવ્યા. જીબ્રઈલ એવી એવી વસ્તુઓ લઈને આવ્યા હતા કે આજ સુધી કોઈએ આવી વસ્તુઓ જોઈ ન હોય. જનાબે ફાતેમા (સ.અ.)એ તે જન્નતી કપડા અને ઘરેણાં પહેર્યા અને ખુશ્બુ લગાવી શાદીમાં આવ્યા. આ જોઈ ત્યાં હાજર દરેકને નવાઈ લાગી. જયારે આપ તે યહુદીના ઘરમાં દાખલ થયા તો બધી જ યહુદી ઔરતો સજદામાં પડી ગઈ અને ઝમીનને ચુમવા લાગી. આ

મોઅજીઝો જોઇને ઘણા બધા યહુદીઓએ ઇસ્લામ સ્વિકારી લીધો.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૩૦)

# ફરિશ્તાઓ જનાબે ફાતેમા (સ.અ.)ની મદદ કરે છે

જનાબે અબુઝરનું બયાન છે:

એક વખત હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને હઝરત અલી (અ.સ.)ને બોલાવવા મોકલ્યો. જયારે હું હઝરત અલી (અ.સ.)ના ઘરે પહોંચ્યો મેં અવાજ કર્યો પણ કોઈ જવાબ ન આવ્યો. મેં જોયું કે ઘરમાં ચકકી આપોઆપ ચાલી રહી છે અને ત્યાં કોઈ હાજર નથી. મેં બીજી વખત અવાજ કર્યો તો હઝરત અલી (અ.સ.) બહાર આવ્યા. મેં કહ્યું કે

આપને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) બોલાવી રહ્યા છે. આ સાંભળી હઝરત અલી (અ.સ.) મારી સાથે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.) સાથે કંઈક વાત કરી પણ હું તે સાંભળી શકયો નહીં. ત્યારે મેં  હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને કહ્યું કે હઝરત અલી (અ.સ.)ના ઘરની ચકકી જોઇને મને ખુબ જ નવાઈ લાગી કે તે આપોઆપ ચાલી રહી હતી અને ત્યાં કોઈ હાજર ન હતું.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું:

મારી દીકરી ફાતેમા (સ.અ.)ની હાલત એવી છે કે ખુદાએ તેના દીલ અને તેના શરીરને ઈમાન અને યકીનથી સંપૂર્ણ કરી દીધું છે. ખુદા તેમની હયાતીમાં તેમની મદદ કરે છે અને દરેક વસ્તુને પૂરી કરે છે. શું તમને નથી ખબર કે ખુદાવંદે આલમની પાસે એવા ફરિશ્તાઓ છે જેને તેણે ખાનદાને મોહમ્મદ (સ.અ.વ.)ની મદદ કરવા માટે નિમ્યા છે.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૨૯)

# એહલેબૈત (અ.મુ.સ.)નો ત્યાગ અને સુરએ હલ અતા

શિઆ અને સુન્ની ઘણા બધા રાવીઓએ નકલ કરેલ છે કે હઝરત અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અને તેઓની કનીઝ જનાબે ફિઝઝાએ ત્રણ દીવસ સતત રોઝા રાખ્યા. પહેલા દીવસે ઇફતારના સમયે એક ફકીરે અવાજ આપ્યો. હઝરત અલી (અ.સ.)એ પોતાના ભાગનું ખાવાનું તેને આપી દીધું અને

બીજા બધાએ પણ પોતપોતાનું ખાવાનું ફકીરને આપી દીધું. બીજા દીવસે ઇફતાર કરવા બેઠા ત્યાં એક યતીમે અવાજ આપ્યો. બીજા દીવસે પણ બધાએ પોત પોતાનું ખાવાનું તે યતીમને આપી દીધું. ત્રીજા દીવસે એક અસીરે અવાજ આપ્યો તો ત્રીજા દીવસે પણ દરેકે પોત પોતાના ભાગનું જમવાનું તે અસીરને આપી દીધું. ત્યારે ખુદાવંદે આલમ તરફથી સુરએ હલ અતા નાઝિલ થયો.

આ વાકેઆનું વિગતવાર વર્ણન શિઆ અને સુન્નિ તફસીરોમાં જોઈ શકાય છે ખાસ કરીને એહલે સુન્નતના મશહુર આલિમ અને

મુફસ્સિર જારલ્લાહે ઝમખ્શરીની તફસીર “**કશ્શાફ**”માં જોઈ શકાય છે.

# જનાબે ફાતેમા (સ.અ.) અને આયએ તત્હીર

દરેક રાવીઓએ અને દરેક શિઆ મુફસ્સેરીન અને અહલે સુન્નતના લગભગ આલિમો અને મુફસ્સેરીનોએ આયએ તત્હીરના વિષે ફરમાવ્યું છે કે આ આયત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના માટે નાઝિલ થઇ છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના માઅસુમ અહલેબૈતથી આ જ લોકો મુરાદ છે. મુફસ્સેરીને

લખ્યું છે કે આ આયત આ લોકો (અહલેબૈત અ.મુ.સ.)ની ઈસ્મત (તહારત)ની ગવાહી આપે છે. આ વિષય ઉપર ઘણી બધી રિવાયતો અને દલીલો મૌજુદ છે. વિગતવાર વર્ણનનો શોખ ધરાવનારા લોકો વિગતવાર વર્ણનવાળી કિતાબો વાંચી શકે છે. અહીં માત્ર એક રિવાયત રજુ કરીએ છીએ.

“નાફેઅ બિન અબીલ હમરાઅ”નું બયાન છે કે હું આઠ મહીના સુધી મદીનામાં રહ્યો. હું હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને જોયા કરતો હતો કે રોજ સવારે જયારે નમાઝે સુબ્હ પઢાવવા માટે

આવતા તો પહેલા જનાબે ફાતેમા (સ.અ.)ના દરવાજે જતા અને કહેતા:

**"સલામ થાય તમારા ઉપર અય અહલેબૈત (અ.મુ.સ.)! અલ્લાહની રહેમત અને બરકત તમારી સાથે રહે. નમાઝનો સમય છે બેશક અલ્લાહે આ ઈરાદો કર્યો છે કે તમો અહલેબૈત (અ.મુ.સ.)થી દરેક પ્રકારની નજાસતોને દૂર રાખે અને તમોને એવી રીતે પાક રાખે જેવો પાક રાખવાનો હક છે."**

(કશકુલ ગુમ્માહ ભાગ ૨, પેજ નં. ૧૩ / આમાલીએ શૈખે તુસી ભાગ ૧, પેજ નં. ૮૮, ૨૫૭ / ભાગ ૨, પેજ નં. ૧૭૭ / આમાલીએ શૈખે મુફીદ પેજ નં. ૧૮૮ / આમાલીએ શૈખે સદુક પેજ નં. ૧૨૪)

# હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે મુબાહેલામાં

સામાન્ય રીતે રાવીઓ અને તફસીરકારોએ આ વાતનો ઉલ્લેખ કર્યો છે કે નજરાનના ઈસાઈઓની સાથે જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મુબાહેલો કરવા માટે આવ્યા અને જે પાંચ લોકોને આપ (સ.અ.વ.) પોતાની સાથે લઇ ગયા તેમાંથી એક જનાબે ફાતેમા (સ.અ.) પણ હતા. આ વાત પોતે પોતાની જગ્યાએ એક મહાન ફઝિલત ધરાવતી હોવાની સાથે સાથે એ

વાતની મજબુત અને પુખ્તા દલીલ છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના માઅસુમ અહલેબૈત (અ.મુ.સ.) હઝરત અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.) છે. આપ (સ.અ.વ)ના બીજા કોઈપણ સગાસંબંધીઓ અથવા પત્નિઓ અહલેબૈતમાં શામિલ નથી.

મુબાહેલાનું ટૂંકમાં વર્ણન આ રીતે છે.

નજરાનના ઇસાઈઓ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા અને હઝરત અલી (અ.સ.) વિષે આપ (સ.અ.વ.) સાથે વાતો કરવા

લાગ્યા. આપ (સ.અ.વ)એ તેઓ માટે આ આયતની તિલાવત કરી.

**"હઝરત ઈસા (અ.સ.)ના (જન્મનો) દાખલો કે (બાપ વિના પૈદા થયા) અલ્લાહ પાસે હઝરત આદમ (અ.સ.)ના (જન્મ) જેવો છે કે તેણે હઝરત આદમ (અ.સ.)ને (માં બાપ વિના) માટીથી પૈદા કર્યા."**

આ વાતથી ઈસાઈઓ સંતુષ્ટ ન થયા ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર મુબાહેલાની આયત નાઝિલ થઇ.

**"જે ઇલ્મ અને અકલ આપની પાસે આવ્યું છે તેના પછી અગર કોઈ આપ (સ.અ.વ.)ની સાથે હઝરત ઈસા (અ.સ.)ની બાબતે ચર્ચા કરે તો આપ**

તે લોકોને કહી દો કે આવો અમે અમારા દીકરાઓને બોલાવીએ છીએ તમે તમારા દીકરાઓને બોલાવો, અમે અમારી ઔરતોને બોલાવીએ છીએ તમે તમારી ઔરતોને બોલાવો, અમે અમારા નફસોને બોલાવીએ છીએ તમે તમારા નફસોને બોલાવો અને ભેગા મળીને મુબાહેલા કરીએ અને ખોટાઓ ઉપર અલ્લાહની લઅનત મોકલીએ."

મુબાહેલા એ છે કે બે માણસો અંદરો અંદર કોઈ વિષય ઉપર ચર્ચા કરી રહ્યા હોય અને એકબીજા ઉપર લઅનત કરે અને ખુદા પાસે એ વસ્તુની માંગણી કરે કે તેના ઉપર અઝાબ નાઝિલ થાય કે જેઓ બાતિલ

ઉપર હોય અને આ કામ ફકત અલ્લાહના સાચા બંદાઓનું છે જેઓ ખરેખર ખુદા ઉપર ભરોસો રાખે છે.

નજરાનના ઈસાઈઓએ શરૂઆતમાં આ વાત સ્વિકારી લીધી અને નકકી થયું કે બીજા દીવસે મુબાહેલો થશે. પરંતુ જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસેથી પરત પોતાના ઘરે ગયા તો આપસમાં ચર્ચા વિચારણા અને સલાહ સુચન કરવા લાગ્યા. “ઈશ્કફે” કહ્યું કે અગર હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પોતાના અહલેબૈત (અ.મુ.સ.)ને સાથે લઈને મુબાહેલો કરવા આવે તો તેમની સાથે મુબાહેલો કરશો નહીં અને અગર

પોતાના સહાબીઓને સાથે લાવે તો કોઈ વાંધો નથી.

બીજા દીવસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.), જનાબે ફાતેમા (સ.અ.), હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની સાથે મુબાહેલો કરવા માટે આવ્યા અને ઈસાઈઓની સામે ઝમીન ઉપર બેસી ગયા અને પોતાના અહલેબૈત (અ.મુ.સ.)ને કહ્યું જયારે હું દુઆ કરૂં તો તમે લોકો આમીન કહેજો. આ જોઈ ઈસાઈઓ બહુ જ વધારે ડરી ગયા અને એ વાત કબુલ કરી લીધી કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વર્તણુંક અગાઉના

અંબિયાઓની જેવી જ છે અને આપ (સ.અ.વ.)ને આજીજી કરવા લાગ્યા કે મુબાહેલો ન કરે અને સમાધાન કરી લે. ત્યારબાદ ઈસાઈઓ મસ્લેહતી રીતે માલ આપવાનો વાયદો કરીને પરત ચાલ્યા ગયા.

(કશફુલ ગુમ્માહ ભાગ ૧, પેજ નં. ૪૨૫ / ૪૨૬)

# પિતાની ભૂખ ઉપર દીકરીનું રડવું

"અબ્દુલ્લાહ બિન હસન"નું બયાન છે કે એક વખત હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઘરે આવ્યા. જનાબે ફાતેમા (સ.અ.)એ જવની સુકાએલી રોટલીનો એક ટુકડો આપ (સ.અ.વ.)ને આપ્યો અને આપ (સ.અ.વ.)એ તેનાથી ઇફતારી કરી. જનાબે ફાતેમા (સ.અ.)ને કહ્યું કે અય મારી દીકરી! આજે ત્રણ દીવસ પછી આ પહેલી રોટલી છે જે મેં ખાધી છે.

આ સાંભળી જનાબે ફાતેમા (સ.અ.) રડવા લાગ્યા અને હઝરત

રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાના મુબારક હાથોથી તેમના આંસુ લુંછયા.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૪૦)

# જનાબે ફાતેમા (સ.અ.)ની ઈઝઝત અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)

આયેશાથી રિવાયત છે કે જયારે પણ જનાબે ફાતેમા (સ.અ.) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવતા આપ (સ.અ.વ.) પોતાની જગ્યાએથી ઉભા થઇ જતા હતા, જનાબે ફાતેમા (સ.અ.)ના માથાને ચૂમતા હતા અને તેઓને પોતાની જગ્યાએ બેસાડતા હતા. અને જયારે પણ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ફાતેમા

(સ.અ.)ના ઘરે જતા તો એકબીજાના કપાળને ચૂમતા અને એકબીજાની પાસે બેસતા હતા.

(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૪૦)

# જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો ખુત્બો

આ ખુત્બામાં ખુબ જ મહત્વપૂર્ણ બાબતો બયાન થયેલ છે. આ ખુત્બાની એહમિયતને ધ્યાનમાં રાખીને તેના અમુક ભાગ વાંચકોની સમક્ષ રજુ કરીએ છીએ. આ ખુત્બાથી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ની અઝમત વિષે અવનવી વાતો જાણવા મળે છે.

જનાબે ફાતેમા (સ.અ.)એ આ અઝિમ ખુત્બો ત્યારે આપ્યો કે જયારે પોતાનો હક **“બાગે ફીદક”** ઝાલિમોએ છીનવી લીધો હતો. આપ ઉઘાડા પગે

ઔરતોના એક સમૂહમાં રોબ અને દબદબાની સાથે મસ્જીદે નબવીમાં આવ્યા.

મુહાજેરીન, અન્સારો અને અબુબક્ર પણ ત્યાં હાજર હતો જયારે જનાબે ફાતેમા (સ.અ.) મસ્જીદમાં દાખલ થયા. તે મરદુદ અને આપ (સ.અ.)ની વચ્ચે એક પરદો પાડી દેવામાં આવ્યો. આપ (સ.અ.)એ એક આહ ભરી જેને સાંભળીને ત્યાં હાજર દરેક લોકો રડવા લાગ્યા અને મજમો ગમગીન થઇ ગયો.

આપ (સ.અ.) થોડીવાર ચુપ રહ્યા જેથી રડવાનો અવાજ બંધ થઇ જાય પછી આપ (સ.અ.)એ આ મહાન ખુત્બો ફરમાવ્યો જેના એક એક શબ્દ

એ પોતાની અંદર મતલબોની એક દુનિયા સમાવેલ છે. આ ખુત્બાનો અમુક ભાગ રજુ કરીએ છીએ.

(૧) પરવરદિગારના વખાણ:

“અલ્લાહના વખાણ તેની આપેલ નેઅમતો ઉપર અને તેનો શુક્ર જે કાંઈ તેણે ઇલ્હામ કર્યું છે. અને અલ્લાહની એવી નેઅમતો ઉપર તેનો શુક્ર છે કે કોઈપણ પ્રકારની લાયકાત વગર તેણે ઇનાયત કરી, અને તે નેઅમતોનો શુક્ર કે જે ઘણી બધી આપી, અને એ નેઅમતોનો શુક્ર કે જેનો સિલસિલો શરૂ રાખ્યો.

અલ્લાહની નેઅમતો એટલી બધી છે કે તેને ગણી શકાતી નથી અને કોઈપણ ઝમાનામાં આ

નેઅમતોનો શુક્ર અદા થઇ શકતો નથી (જેટલો પણ શુક્ર અદા કરવામાં આવે તેનો હક અદા થઇ શકતો નથી. એટલે કે સમય ખત્મ થઇ જશે પણ તેની નેઅમતોનો શુક્ર અદા નહીં થઇ શકે). અને તે નેઅમતોની હંમેશગી અલગ અલગ છે. (એટલે કે અકલ આ નેઅમતોની સંપૂર્ણ માઅરેફત નથી મેળવી શકતી અને તેની હંમેશગીને સમજી શકતી નથી).

આ થોડાક વાકયોમાં જનાબે ફાતેમા (સ.અ.)એ અલ્લાહની વિશાળ નેઅમતોનો ઉલ્લેખ કર્યો છે. જાહેરી અને છુપી નેઅમતો, પ્રકાર પ્રકારની નેઅમતો વિગેરે.... અલ્લાહે આ બધી નેઅમતો લાયકાતના કારણે નથી

આપી પણ પોતાના ફઝલો કરમથી આપેલ છે અને આ નેઅમતો અગણિત છે કે જેનો શુક્ર અદા કરવા વિષે ઇન્સાન વિચારી પણ નથી શકતો. કોઈપણ રીતે તેનો શુક્ર અદા નથી કરી શકાતો. ઇન્સાન અલ્લાહની એક નેઅમતનો પણ શુક્ર અદા કરવા ચાહે તો પણ પોતાની લાચારીનો ઈકરાર કરવો પડશે. અલ્લાહ તરફથી આ નેઅમતોનો સિલસિલો શરૂ જ છે. તે નેઅમતો આપવાથી થાકતો નથી પણ પોતાની સંપુર્ણ કોશિશ કરવા છતાં પણ ઇન્સાન એક નેઅમતનો પણ શુક્ર અદા કરી શકતો નથી અને આ બધા ઉપરાંત અલ્લાહની એક મહાન નેઅમત એ છે કે અલ્લાહે

પોતાની નેઅમતોમાં વધારો કરવા માટે લોકોને આમંત્રણ આપ્યું કે પરવરદિગારના વખાણ કરતા રહો એટલે નેઅમતોમાં વધારો થતો રહેશે. આ સિવાય પણ ઘણી બધી મહત્વપૂર્ણ બાબતો બયાન કરેલ છે.

"હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તેનો કોઈ ભાગીદાર નથી" આ વાકય ઇખ્લાસની તફસીર છે. (કારણ કે જયારે અલ્લાહ સિવાય કોઈ ખુદા નથી એ વાત સ્પષ્ટ થઇ જાય તો દીલ તેનાથી જ લાગેલું રહેશે માટે જે ફકત અને ફકત અલ્લાહને જ પોતાનો માઅબુદ જાણે છે તે તેની તરફ આકર્ષાય છે. આ રીતે કલેમાએ

તૌહીદને ઇખ્લાસનો કમાલ ગણવામાં આવ્યો છે.) અલ્લાહે આ તૌહીદના કલેમાને દીલમાં જગ્યા આપી, દીલના ઊંડાણમાં રાખ્યો (તૌહીદ ફિતરી છે. ઇન્સાન સ્વાભાવિક રીતે અલ્લાહના એક હોવાનું સમજી શકે છે.)

તૌહીદનો સાચો મતલબ ઈન્સાનની ફિક્રને રોશન કરે છે (જે ઇન્સાનને દરેક પ્રકારનાં શિર્ક અને બાતિલથી દૂર રાખે છે દરેક પ્રકારની બુત પરસ્તી અને બાતિલ પરસ્તીથી સુરક્ષિત રાખે છે.) આંખોથી તેને જોઈ શકાતો નથી, ઝબાન તેની વ્યાખ્યા કરવાથી લાચાર છે અને અકલ તેને સમજી શકવાથી લાચાર છે. કોઈપણ

નમુના વગર તેણે આખી દુનિયાનું સર્જન કર્યું, પોતાની કુદરતથી તેણે આખી દુનિયાનું સર્જન કર્યું, આ સર્જનની તેને કોઈ જરૂરત ન હતી ન તો તેના માટે તેમાં કોઈ ફાયદો હતો પણ પોતાની હિકમત વર્ણવવા માટે, પોતાની ફરમાંબરદારી ઉપર તૈયાર કરવા માટે, પોતાની કુદરત જાહેર કરવા માટે, પોતાના બંદાઓને ઈબાદત ગુઝાર બનાવવા માટે, પોતાની દાવત અને પોતાના દીનને બલંદી ઇનાયત કરવા માટે સર્જન કર્યું. પોતાની ઇતાઅત ઉપર સવાબ નકકી કર્યો અને પોતાની નાફરમાની ઉપર અઝાબ નકકી કર્યો જેથી લોકો

અઝાબથી બચે અને જન્નત તરફ આકર્ષાય.

આ ભાગમાં તૌહીદ, તેના ખુલુસની અહેમિયત, તૌહીદનું ફિતરી (સ્વાભાવિક) હોવું, અને તેનાથી ફિક્રના રોશન થવાનું બયાન થયેલ છે. અને એ હકીકત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે આંખ, ઝબાન, વિચારો અને અકલથી અલ્લાહ સુધી નહીં પહોંચી શકાય. અલ્લાહ આ દરેક વસ્તુ કરતા મહાન છે, તે અનોખો (બેમિસાલ) છે. અલ્લાહ પોતાના સર્જન માટે કોઈ નમૂનાનો મોહતાજ નથી અને આ સર્જનથી તેને કોઈ ફાયદો પણ થવાનો નથી. દરેક લોકો તેની બનાવેલી વસ્તુનો ઉપયોગ કરે

છે અને બધા તેના મોહતાજ છે પરંતુ તે કોઈનો મોહતાજ નથી. આ સિવાય પણ ઘણા બધા મહાન મતલબો બયાન કરવામાં આવ્યા છે જેની હકીકત સુધી મહાન આલિમો પણ પહોંચી શકયા નથી.

આ પછી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની રિસાલતની ગવાહી આપી અને આપ (સ.અ.વ.)ના ફઝાએલનું વર્ણન કર્યું પછી કુરઆનની અઝમતોનું વર્ણન કર્યું અને પછી એહકામની હકીકતો આ રીતે વર્ણવી.

❖ અલ્લાહે શિર્કની ગંદકીથી પાક રાખવા માટે ઈમાનને જરૂરી કર્યું.

❖ ઘમંડથી બચાવવા માટે નમાઝ વાજીબ કરી.
❖ નફસની પાકીઝગી અને રિઝકના વધારા માટે ઝકાત વાજીબ કરી.
❖ ઇખ્લાસ મજબુત કરવા માટે રોઝા વાજીબ કર્યા.
❖ દીનની ઈઝઝત અને મજબુતી માટે હજ વાજીબ કરી.

(કારણ કે જયારે દુનિયાના ખૂણે ખૂણેથી મુસલમાનો એક જગ્યાએ ભેગા થાય એકબીજાની ઓળખાણ થાય અને મુશ્કેલીઓની ખબર પડે તો તેને દૂર કરવા માટે કોશિશ કરે જેથી દીન અને મુસલમાન મજબુત બને.)

❖ દીલોને એકબીજાથી નઝદીક કરવા માટે અદલ અને ઇન્સાફને જરૂરી રાખ્યું છે.

(કારણ કે સમાજમાં અદલ અને ઇન્સાફ ફેલાશે તો લોકો એકબીજાથી નઝદીક આવશે જેવી રીતે ઝુલ્મો સિતમના કારણે એકબીજાથી દૂર થાય છે.)

❖ અમારી (અહલેબૈત અ.મુ.સ.)ની ફરમાંબરદારી સામાજીક વ્યવસ્થા કાયમ રાખવા માટે વાજીબ કરી અને ઉમ્મતને મતભેદથી બચાવવા માટે અમારી ઇમામત અને રહેબરીને લાઝિમ કરી. ઇસ્લામની ઈઝઝત અને કુફ્રો નિફાકની ઝીલ્લત માટે જેહાદ

વાજીબ કર્યુ. અજ્રો સવાબ મેળવવામાં મદદગાર બને તે માટે સબ્ર લાઝિમ કરી.

❖ ઉમ્મતે ઇસ્લામીની ભલાઈ માટે અમ્ર બીલ માઅરૂફ અને નહી અનીલ મુન્કરને વાજીબ કર્યુ.

આ રીતે જનાબે ફાતેમા (સ.અ.)એ ઈબાદત, સમાજ અને રાજકારણ બાબતે ઇસ્લામી ઉસુલોના ભેદનું વર્ણન કરેલ છે.

# જનાબે ફાતેમા (સ.અ.)ની શહાદત

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી પ્રકાર પ્રકારની મુસીબતો જનાબે ફાતેમા (સ.અ.)ને દીલી સદમો પહોંચાડી રહી હતી. એક તરફ પયગમ્બર (સ.અ.વ.) જેવા બાપની વફાત જેઓને આપ (સ.અ.) ખુબ જ વધારે ચાહતા હતા. તેઓની જુદાઈનો સદમો સહન ન થઇ શકે તેવો હતો. બીજી તરફ સાઝિશ કરનારાઓએ જબરદસ્તી હઝરત અલી (અ.સ.)નો હકે ખિલાફત હડપી લીધો હતો. જેના

કારણે જનાબે ફાતેમા (સ.અ.)ને સખ્ત શારીરિક અને રૂહાની સદમાઓ સહન કરવા પડયા.

આટલા મસાએબ દીલને ઝખ્મી કરવા માટે શું ઓછા હતા કે બીજા સદમાઓ પણ તેમના ઉપર વધારાના હતા જેના કારણે ઈતિહાસમાં મળે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી જનાબે ફાતેમા (સ.અ.) સતત ગમગીન રહેતા હતા અને રડયા કરતા હતા. કયારેક હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની મુબારક કબ્રની ઝિયારત કરવા માટે જતા અને બહુ જ રડતા અને કયારેક શોહદાઅની કબ્રો પર જતા અને ખુબ જ રડતા. ઘરમાં પણ રડવા અને

અઝાદારી કરવા સિવાય બીજું કોઈ કામ ન હતું. જયારે મદીનાવાળાઓએ આપ (સ.અ.)ના રડવાનો વિરોધ કર્યો તો હઝરત અલી (અ.સ.)એ જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં એક ઓરડો બનાવડાવ્યો જેને “**બૈતુલ અહ્ઝાન**” કહેવામાં આવે છે. જનાબે ફાતેમા (સ.અ.) દરરોજ સવારે હસનૈન (અ.મુ.સ.)ને સાથે લઈને ત્યાં જતા રહેતા અને કબ્રોની વચ્ચે બેસીને સાંજ સુધી રડયા કરતા હતા. જયારે રાત થતી તો હઝરત અલી (અ.સ.) ત્યાં આવતા અને આપ (સ.અ.)ને પોતાની સાથે ઘરે લઇ જતા. ત્યાં સુધી કે આપ (સ.અ.) બીમાર પડયા અને પથારીવશ થઇ ગયા.

(બૈતુલ અહઝાન મોહદ્દીસે કુમ્મી પેજ નં. ૧૩૭,
૧૩૮ અને ૧૪૧ /
બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૭૭ અને ૧૭૮)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની જુદાઈનો સદમો જનાબે ફાતેમા (સ.અ.)ને એટલો બધો વધારે હતો કે આપ (સ.અવ.)ની કોઈ વસ્તુ પણ અગર જોઈ જતા તો પણ આંખોમાંથી આંસુ નીકળી પડતા અને ખુબ જ રડતા હતા.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના મોઅઝિઝન જનાબે બિલાલે આપ (સ.અ.વ.)ની વફાત પછી એમ નકકી કરી લીધું હતું કે હવે અઝાન નહીં આપે. એક દીવસ જનાબે ફાતેમા (સ.અ.)એ કહ્યું કે હું

મારા પિતાના મોઅઝિઝનનો અવાજ સાંભળવા માંગુ છું. આ વાત જનાબે બિલાલ સુધી પહોંચી. આપ (સ.અ.)ના એહતેરામ માટે જનાબે બિલાલે અઝાન કહેવાનું શરૂ કર્યું. જયારે "**અલ્લાહો અકબર**"ની અવાજ આપ (સ.અ.)ના કાનો સુધી પહોંચી તો આંખોમાંથી આંસુ નિકળી આવ્યા અને જયારે જનાબે બિલાલે "**અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ**" કહ્યું તો જનાબે ફાતેમા (સ.અ.)એ એક ચીખ મારી અને બેહોશ થઇ ગયા.

લોકોએ જઈને બિલાલને કહ્યું કે બસ રોકાઈ જાઓ. પયગમ્બર (સ.અ.વ.)ની દીકરી દુનિયાથી કુચ કરી ગયા. કેમ કે લોકો એમ

વિચારતા હતા કે જનાબે ફાતેમા (સ.અ.)ની વફાત થઇ ગઈ છે.

જનાબે બિલાલે અઝાન રોકી દીધી. થોડીવાર પછી જનાબે ફાતેમા (સ.અ.) હોશમાં આવ્યા તો જનાબે બિલાલને કહ્યું કે અઝાન પૂરી કરો જનાબે બિલાલે અરજ કરી અને કહ્યું અય શહેઝાદીએ કાએનાત! મને ડર છે કે અઝાન સાંભળીને કયાંક આપની વફાત ન થઇ જાય.

**(બેહાર ભાગ ૪૩, પેજ નં. ૧૫૭ / બૈતુલ અહઝાન પેજ નં. ૧૪૦ અને ૧૪૧)**

જનાબે ફાતેમા (સ.અ.) ઉપર એટલી બધી વધારે અને પ્રકાર પ્રકારની મુસીબતો પડી હતી જેના કારણે આપ (સ.અ.) સતત બીમાર

રહેવા લાગ્યા અને પથારીવશ થઇ ગયા અને છેવટે એ જ સદમાઓના કારણે ૧૪ જમાદીઉલ અવ્વલ અથવા ૩ જમાદીઉલ આખર હિજરી સન ૧૧૫ના એટલે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી ૭૫ અથવા ૯૫ દીવસ પછી આપની વફાત થઇ ગઈ. આપની ગમનાક વફાતથી શિયાઓના દીલો હંમેશા હંમેશા માટે ઝખ્મી થઇ ગયા.

**(આ નાની કિતાબમાં ઘણા બધા એવા વાકેઆઓ કે જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી બન્યા હતા તેનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો જેમ કે જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરને આગ લગાવવી,**

**આપ (સ.અ.)નું મસ્જીદમાં આવવું અને ખુત્બો આપવો, હઝરત અલી (અ.સ.)નું ઇમામત અને ખિલાફતથી કરી દેવા, ફિદકના વિષે મુસલમાનોના પહેલા ખલિફા સાથે વાદ વિવાદ કરવો, વસિય્યત કરવી વિગેરે વિગેરે.....)**

ખુદાયા! તને તારી ખાસ કનીઝની બેપનાહ મઝલુમિયતનો વાસ્તો કે યુસુફે ઝહેરા હઝરત ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝુહુરમાં જલ્દી કર અને તેઓના ખાસ અન્સારો અને ગુલામોમાં અમારો શુમાર કર.

**(આમીન)**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا وَلِيَّ الْعَصْرِ (عج) اَدْرِكْنَا

# અચ્ચામે ફાતેમીયા-૨૦૧૮

નામઃ ______________________

______________________

વયઃ ______________________

સરનામુંઃ ______________________

______________________

ગામઃ ______________________

અભ્યાસઃ ______________________

મોબાઈલ નંબરઃ ______________________

______ ઈ-મેઈલઃ ______________________

**પ્ર. ૧ ખાલી પૂરો. (૧૫ માર્કસ)**

૧. સેરાતે મુસ્તકીમ ઉપર સાબીત કદમ રહેવાનો એકમાત્ર રસ્તો રસુલ (સ.અ.વ.) અને તેમના એહલેબૈત (અ.મુ.સ.)ની ______ ______ અને ______ ______ છે.

૨. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું: ફાતેમા (સ.અ.) મારી ______ છે અને હું તેમનાથી ______ સુંઘું છું.

૩. અલ્લાહ ____________ ની નારાઝગીથી નારાઝ થાય છે અને ____________ ની ખુશ્નુદીથી ખુશ થાય છે.

૪. સુરએ રહેમાનમાં બે દરીયાઓથી મુરાદ ________ ________ અને ____________ છે અને લુઅલુઅ અને મરજાનથી મુરાદ ________ ________ અને ____________ છે

૫. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

જનાબે ઝહરા (સ.અ.) ઈન્સાની રૂપમાં એક ______ છે.

૬. સુરએ ______ એહલેબૈત (અ.મુ.સ.)ની શાનમાં નાઝીલ થયો.

૭. ______ બકીઅમાં એક ઓરડો છે જ્યાં જનાબે ઝહરા (સ.અ.) હસનૈન (અ.મુ.સ.)ને લઈને જતા અને ગીર્યા કર્યા કરતા હતા.

૮. સહીહ મુસ્લીમમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી

રિવાયત છેઃ જેણે ________
ને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે ________
ને ઈજા પહોંચાડી.

**પ્ર. ૨ નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે જણાવો. (પ માર્કસ)**

| | |
|---|---|
| ૧. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મદીનાથી બહાર જતા તો સૌથી પહેલા જનાબે ફાતેમા (સ.અ.)ને મળતા અને પાછા ફરતા તો સૌથી છેલ્લે જનાબે ફાતેમા (સ.અ.)ને મળતા. | |

| | |
|---|---|
| ૨. જનાબે ઝહરા (સ.અ.)ની આસમાની શખ્સીય્યત આપણી અકલોથી ઉચ્ચ અને આપણી તારીફથી ઘણી બલંદ છે. | |
| ૩. અગર અલ્લાહ જનાબે ઝહરા (સ.અ.)ની શાદી હઝરત અલી (અ.સ.) સાથે ન કરાવતે તો દુનિયામાં બીજો કોઈ આપ (સ.અ.)નો શૌહર ન હોતે. | |
| ૪. જનાબે ઝહરા (સ.અ.)ની કુન્નીયત બતુલ છે. | |
| ૫. જનાબે ઝહરા (સ.અ.)ની કબ્રનું પાક્કું સ્થળ જન્નતુલ | |

| | |
|---|---|
| બકીઅ છે. | |

## પ્ર. ૨ જોડકા જોડો   (૦૫ માર્કસ)

| | |
|---|---|
| ૧) જનાબે સૈયદા (સ.અ.)ની વિલાદત | બેઅસતનું તેરમું વર્ષ |
| ૨) માતા જનાબે ખદીજા (સ.અ.)ની વફાત | હિજરતનું અગીયારમું વર્ષ |
| ૩) જનાબે ઝહરા | બેઅસતનું પાંચમું |

| | |
|---|---|
| (સ.અ.)ની શાદી | વર્ષ |
| ૪) જનાબે ઝહરા (સ.અ.)ની શહાદત | બેઅસતનું દસમું વર્ષ |
| ૫) મદીના હિજરત | હિજરતનું બીજું વર્ષ |

## પ્ર. ૪ સવાલના જવાબો આપો. (૨૫ માર્કસ)

૧) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ના કોઈપણ પાંચ લકબો જણાવો.

૨) જનાબે ઝહરા (સ.અ.)ની શાનમાં ફરમાવેલી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની કોઈપણ બે હદીસ લખો.

૩) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જનાબે ઝહરા (સ.અ.)નો એહતેરામ કઈ રીતે કરતા હતા?

૪) જનાબે ઝહરા (સ.અ.) ઉપર શું ઝુલ્મો કરવામાં આવ્યા છે?

૫) જનાબે ઝહરા (સ.અ.)ની

કોઈપણ ૪ કુન્નીયતો જણાવો.

| | |
|---|---|
| **પેપર પરત કરવાની છેલ્લી તારીખ અને સ્થળ** | **તા. ૨૮/૦૨/૨૦૧૮ ભોજાણી પ્રકાશન, આશીયાના, પ્રભુદાસ તળાવ, ભાવનગર.** |

**નોંધઃ આ પેપરની ઝેરોક્ષ કોપી પણ માન્ય ગણાશે.**